dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 332 | AD - 2024, Bhadarva Sud -03 | Friday, Dt.06-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ભારત અને સિંગાપોર વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવાની રીતો પર ચર્ચા

## પ્રધાનમંત્રી મોદીની મુલાકાત પછી સિંગાપોર બન્યુ ભારતનું વ્યુહાત્મક ભાગીદાર

(એ.આર.એલ),સિંગાપોર,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સિંગાપોરની તેમની મુલાકાતના બીજા દિવસે આજે તેમના સમકક્ષ લોરેન્સ વોંગને મળ્યા હતા. આ દરમિયાન તેમણે ભારત અને સિંગાપોર વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવાની રીતો પર ચર્ચા કરી હતી. તમને જણાવી દઈએ કે પીએમ મોદી વોંગના આમંત્રણ પર અહીં બે દિવસની મુલાકાતે આવ્યા છે. વોંગ સાથે વાતચીત પહેલા મોદીનું સિંગાપોર સંસદ ભવનમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેણે ત્યાં વિઝિટર બુક પર પણ સહી કરી. બંને નેતાઓ વચ્ચેની મુલાકાત વોંગ સિંગાપોરના વડાપ્રધાન બન્યા અને મોદીએ વડાપ્રધાન તરીકે તેમની ત્રીજી મુદતની શરૂઆત કરી તેના દિવસો પછી થઈ હતી. બંને નેતાઓ વચ્ચેની બેઠક બાદ સિંગાપોર અને ભારત હવે વ્યૂહાત્મક ભાગીદાર બની ગયા છે. વ્યૂહાત્મક રીતે ભારત માટે આ એક મોટી ઉપલબ્ધિ છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના સિંગાપોરના સમકક્ષ લોરેન્સ વોંગ સાથે એક ફળદાયી બેઠક યોજી હતી. આ સમયગાળા દરમિયાન, બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે પહોંચ્યા. પીએમ મોદીના છેલ્લા ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન ભારતે એશિયાથી યુરોપ સુધી ઘણા નવા વ્યૂહાત્મક ભાગીદાર બનાવ્યા છે. ચીન અને પાકિસ્તાન જેવા દુશ્મનો માટે આ મોટો ફટકો છે. હવે સિંગાપોર પણ ભારતનું વ્યૂહાત્મક ભાગીદાર બની ગયું છે. વ્યૂહાત્મક ભાગીદારી ઉપરાંત, અદ્યતન ઉત્પાદન, કનેક્ટિવિટી, ડિજિટાઈઝેશન, હેલ્થકેર અને મેડિસિન, કૌશલ્ય વિકાસ અને ટકાઉપણું જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓની વ્યાપક સમીક્ષા કરવામાં આવી હતી.

વડાપ્રધાન મોદી બાદમાં રાષ્ટ્રપતિ થર્મન ષણમુગરત્નમને પણ મળશે. પીએમ મોદી અને સિંગાપોરના વડાપ્રધાન લોરેન્સ વોંગ વચ્ચે પ્રતિનિધિ સ્તરની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બંને દેશો વચ્ચે ચાર મહત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારો બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. ભારત અને સિંગાપોર ડિજિટલ ટેક્નોલોજી, સેમિકન્ડક્ટર, સ્વાસ્થ્ય અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમત થયા છે. ભારત અને સિંગાપોર વચ્ચે થયેલા પ્રથમ કરાર હેઠળ ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી મંત્રાલય અને સિંગાપોરનું ડિજિટલ વિકાસ મંત્રાલય ડિજિટલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં સહયોગ કરશે.

## બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા હુમલાઓ સામે ભારતને અમેરિકાનું સમર્થન

નવીદિલ્હી,તા.૫

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના વિરૂદ્ધ બળવા દરમિયાન અને પછી ઢાકામાં હિંદુઓ અને લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાઓ સામે ભારતને અમેરિકાનું સમર્થન પણ મળ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને ફોન પર આ મુદ્દે પીએમ મોદી સાથે ચિંતા વ્યક્ત કરી છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન કોલમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને બાંગ્લાદેશમાં લોકોની સુરક્ષા અને ત્યાંની લોકતાંત્રિક સંસ્થાઓના ભવિષ્ય વિશે ચિંતા વ્યક્ત કરી હતી. બાઈડન પહેલાં, વડાપ્રધાન મોદીએ બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસને ફોન કર્યો હતો અને તેમને હિંદુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા કહ્યું હતું. હવે વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા




સંચાર સલાહકાર જ્હોન કિર્બીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પીએમ મોદી સાથેના ટેલિફોનિક વાતચીત દરમિયાન રાષ્ટ્રપતિ બાઈડેન અને ભારતના વડાપ્રધાને બાંગ્લાદેશમાં વિકાસ પર સંયુક્ત રીતે "ચિંતા" વ્યક્ત કરી. "મારો મતલબ છે કે, રાષ્ટ્રપતિએ બાંગ્લાદેશમાં હિંદુઓ અને લઘુમતીઓની સુરક્ષા અને તેમની લોકતાંત્રિક સંસ્થાઓના ભાવિ અંગે સતત ચિંતા વ્યક્ત કરી છે," જ્હોન કિર્બીએ એક પ્રશ્નના જવાબમાં કહ્યું. બાઈડને ૨૬ ઓગસ્ટે પીએમ મોદી સાથે ફોન પર વાત કરી હતી.

## પ્લાસ્ટિકનો કચરો ફેલાવવામાં ભારત વિશ્વમાં પ્રથમ નંબરે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫

વિશ્વમાં સૌથી વધુ પ્લાસ્ટિક કચરો ભારતમાં ઉત્પન્ન થાય છે. અહીં એક વર્ષમાં ૧૦.૨ મિલિયન ટન પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન થાય છે, જે પ્લાસ્ટિક કચરાના બીજા સૌથી મોટા ઉત્પાદક કરતાં બમણા કરતાં વધુ છે. યુકેની યુનિવર્સિટી ઓફ લીડ્સના સંશોધકોના જણાવ્યા અનુસાર, વિશ્વ દર વર્ષે ૫૭ મિલિયન ટન પ્લાસ્ટિક પ્રદૂષણ ઉત્પન્ન કરે છે અને તેને સૌથી ઊંડા મહાસાગરોથી લઈને સૌથી ઊંચા પર્વતીય શિખરો અને લોકોના શરીરની અંદર ફેલાવે છે. આ અભ્યાસ મુજબ, આ ૫૭ મિલિયન ટન પ્લાસ્ટિકના કચરામાંથી બે તૃતીયાંશ કરતાં વધુ ગ્લોબલ સાઉથમાંથી આવે છે. આ અભ્યાસના લેખક કોસ્ટાસ વેલિસના જણાવ્યા અનુસાર, દર વર્ષે વિશ્વમાં એટલો પ્લાસ્ટિક કચરો પેદા થાય છે કે તે ન્યૂયોર્ક સિટીના સેન્ટ્રલ



પાર્કમાં આવેલી એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. પ્લાસ્ટિકના કચરાથી વિશ્વને ભરવા માટે દર વર્ષે પૂરતું પ્રદૂષણ થાય છે. સંશોધકોએ અભ્યાસ માટે વિશ્વભરના ૫૦ હજારથી વધુ શહેરો અને નગરોમાં સ્થાનિક રીતે ઉત્પાદિત કચરાની તપાસ કરી હતી. અભ્યાસના પરિણામો બુધવારે નેચર જર્નલમાં પ્રકાશિત થયા હતા. અભ્યાસમાં એવા પ્લાસ્ટિકની તપાસ કરવામાં આવી હતી જે ખુલ્લા વાતાવરણમાં સમાપ્ત થાય છે, જે લેન્ડફિલમાં સમાપ્ત થાય છે અથવા યોગ્ય રીતે ભસ્મીભૂત થાય છે.



## શિક્ષકો હળવેથી કાન આમળીને બાળકોનું ઘડતર કરે છે : ધારાસભ્ય કૌશિક વેકરીયા

# અમરેલી જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

અમરેલી,તા.૦૫

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને અમરેલી સ્થિત શ્રીમતી શાંતાબેન ગજેરા સંકુલ ખાતે યોજાયેલા અમરેલી જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહમાં જિલ્લા કલેક્ટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. શ્રેષ્ઠ શિક્ષકો વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના માધ્યમથી શિક્ષણ આપીને બાળકોનું સર્વાંગીય ઘડતર કરવામાં મદદરુપ થાય છે. જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ કાર્યક્રમમાં જિલ્લાકક્ષાના બે શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક સાથે રુ. ૧૫ હજારનો ચેક આપીને અને તાલુકાકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદ થયેલા શિક્ષકોનું પણ પારિતોષિક આપીને સન્માન કરવામાં આવ્યુ હતું. જ્ઞાન સાધના સ્કોલરશીપ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષકો ભાવિ પેઢીના ઘડતર થકી 'રાષ્ટ્રનિર્માણ' માટે સમર્પિત છે. ગુજરાતે પરંપરાગત શિક્ષણ પદ્ધતિની સાથે અત્યાધુનિક 'સ્માર્ટ' ટેકનોલોજી થકી અધ્યયનને પણ અપનાવ્યું છે. 'વિકસિત ભારત'ના



સંકલ્પને સાકાર અને ચરિતાર્થ કરવામાં પાયારુપ ભૂમિકા અદા કરતાં શિક્ષકો તૈયાર કરવા માટે 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન'ની સ્થાપના કરીને ગુજરાતે શૈક્ષણિક ક્ષેત્રે એક નવા યુગનો આરંભ કર્યો છે. ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યુ કે, આજનો દરેક વિદ્યાર્થી ભારતનું ઉજ્જવળ ભવિષ્ય છે. આપણા શિક્ષકો હળવેકથી કાન આમળીને પ્રેમથી બાળકોનું ઘડતર કરે છે. તેમણે પારિતોષિક વિજેતા તમામ શિક્ષકો અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લા કલેક્ટર અજય દહિયાએ જણાવ્યુ કે, વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા માટે દરેક શિક્ષકની મહત્વની ભૂમિકા હોય છે. શિક્ષકોની તમામ ગુણવત્તાઓ સીધી જ તેમના વિદ્યાર્થીઓમાં ઉતરી આવે છે. બાળકોને ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન આપવું જરુરી છે. જિલ્લાકક્ષા શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ કાર્યક્રમમાં નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, વલ્લભભાઈ રામાણી, જિલ્લા શિક્ષણ અધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી, બી.આર.સી અને સી.આર.સી, અધિકારી, પદાધિકારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા A.P.M.C.માં પાકના વેચાણ માટે વેપારીઓ અને કામદારોની મહત્વની બેઠક

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલા A.P.M.C.ના અધ્યક્ષ દિપકભાઈ માલાણીની અધ્યક્ષતામાં વેપારીઓ, મજૂરો અને સ્ટાફ સાથેની સંયુક્ત મિટિંગ યોજવામાં આવી હતી. આ મિટિંગમાં આગામી ખરીફ સિઝનમાં જણસોના વેચાણ માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંયુક્ત મિટિંગમાં સર્વ સહમતીથી નિર્ણયો લેવામાં આવ્યા હતા જેથી ખરીફ સિઝનમાં પાકના સુચારુ વેચાણ માટે એક સામૂહિક પ્રયાસ થઈ શકે.

## આખરે સાવરકુંડલા એસ.ટી.ડેપોના પ્રવેશદ્વાર પાસે નામ નિર્દેશન દર્શાવતું બોર્ડ લગાવાયું

**તોક્તે વાવાઝોડામાં બોર્ડ ક્ષતિગ્રસ્ત થતાં ઉતારી લેવાયું હતું**

સાવરકુંડલા તા. ૦૫




સાવરકુંડલા શહેરમાં આવેલ એસટી ડેપોના પ્રવેશદ્વાર પાસે આવેલ નામનિર્દેશન દર્શાવતું બોર્ડ કે જે તોકતે વાવાઝોડા દરમિયાન ક્ષતિગ્રસ્ત થતાં દૂર કરવામાં આવ્યું હતું. જેને લાંબી પ્રતિક્ષા બાદ છેલ્લા એક મહિનાથી નવું બોર્ડ લગાવવામાં આવતાં મુસાફરોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. આ સંદર્ભે સાવરકુંડલા એસ.ટી. ડેપો મેનેજર નથવાણીએ જણાવ્યું કે ઘણી ફોર્મલ પ્રોસિઝરને અંતે આ નામ નિર્દેશન દર્શાવતું બોર્ડ પ્રવેશદ્વાર પર લગાવવામાં આવ્યું છે. જો કે આ નામનિર્દેશન દર્શાવતું બોર્ડ લગાવવાથી સાવરકુંડલા એસ.ટી. ડેપોની શોભામાં અભિવૃદ્ધિ થયેલી જોવા મળે છે. આ બોર્ડ લગાવવા માટે અવારનવાર વર્તમાન પત્રોમાં સમાચાર પ્રકાશિત થયા હતાં.

## લીલીયા મોટા ક્રેડીટ કો. ઓ. સોસાયટીના સૌજન્યથી સહકાર સંમેલન યોજાશે

લીલીયા, તા.૦૫

લીલીયા મોટા મુકામે તારીખ ૭/૯/૨૦૨૪ ના રોજ પટેલ વાડી મુકામે સમય બપોરના બે કલાકે સહકાર સંમેલન યોજાશે. આ સહકાર સંમેલન લીલીયા ક્રેડીટ કો. ઓ. સોસાયટીના સૌજન્યથી યોજાશે. જેમાં પૂર્વ કૃષિમંત્રી અને રાજકોટના સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા, સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણી ખાસ ઉપસ્થિત રહેશે. અતિથી વિશેષ તરીકે સાસંદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, હનુભાઈ ધોરાજીયા, જયંતીભાઈ પાનસુરીયા, દિપકભાઈ માલાણી, મનિષભાઈ સંઘાણી, મધ્યસ્થ બેંકના સી.ઈ.ઓ. બી.એસ. કોઠીયા હાજર રહેશે.

## સાવરકુંડલામાં SEBI અને NISM દ્વારા વિદ્યાર્થીઓ માટે સેમિનાર અને ક્વિઝ સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલા શહેરમાં આવેલ વી.ડી.કાણકિયા આર્ટ્સ એન્ડ એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે ગઈકાલે એક મહત્વપૂર્ણ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિક્યોરિટીઝ માર્કેટ્સ (NISM)ના સંયુક્ત ઉપક્રમે બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે એક સેમિનાર અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને બચત અને રોકાણના ક્ષેત્રમાં જાગૃત કરવાનો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એસ.સી. રવિયાએ ઉદ્ઘાટન સત્રમાં જણાવ્યું કે, "આ પ્રકારના કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. અમે આગામી સમયમાં પણ આવા મૂલ્યવર્ધક કાર્યક્રમોનું આયોજન કરતા રહીશું."

સેમિનારમાં SEBI અને NISMના SMART ટ્રેનર્સ ડૉ. વૈભવ પુરાણીક અને ડૉ. અપર્ણા પુરાણીક રાજકોટથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને SEBIની સ્થાપનાથી માંડીને વર્તમાન સમયના રોકાણ, સિક્યોરિટી માર્કેટ, બેન્કિંગ, ફાઈનાન્સ, શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડ જેવા વિષયો પર વિસ્તૃત માહિતી આપી હતી. સેમિનાર બાદ યોજાયેલી ઓનલાઈન ક્વિઝ સ્પર્ધામાં એફ. વાય., એસ.વાય. અને ટી.વાય. બી.કોમ.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક વર્ગમાંથી ત્રણ-ત્રણ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ. હરેશ દેસરાણીએ કર્યું હતું, જ્યારે અન્ય અધ્યાપકો ડૉ. પટોળિયા અને ડૉ. કલ્પેશ રાડિયાએ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## ચક્કરગઢ ગામે રામદેવજી મહારાજના પ્રાગટય મહોત્સવનો થયો પ્રારંભ

**તા.૧૪ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું**

અમરેલી, તા.૦૫

અમરેલી તાલુકાનાં ચક્કરગઢ ગામે રામદેવજી મહારાજનાં નવરાત્રી પાટોત્સવ તથા પ્રાગટય મહોત્સવ તેમજ સાદરવિધીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગણેશ સ્થાપના થયા બાદ આજે સવારે ૮ થી ૧૧ યજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે. તા.૦૫ થી દરરોજ સાંજના ૫ કલાકે બટુકભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૨નાં રોજ નેજાજીનાં સામૈયા, નેજાજીનાં રોકાણ મૂહુર્ત, નોમનો પ્રસાદ ધરાશે. તા.૧૩ નાં રોજ પાટનાં દર્શન, સંતોનાં આશીર્વચન અને ધર્મસભા અને સાદરવિધી કાર્યક્રમ યોજાશે. તા.૧૪ નાં રોજ વહેલી સવારે ૪ વાગ્યે રામદેવજી મહારાજનાં જન્મોત્સવની ઉજવણી કરાશે. ધાર્મિક કાર્યક્રમ દરમ્યાન દરરોજ રાત્રે ૮ કલાકથી ભજન-કિર્તન અને રાસગરબા રાખેલ છે. આ ધાર્મિક કાર્યક્રમમાં પધારવા શ્રી નકળંગ આખ્યાન મંડળ અને ચક્કરગઢ ગ્રામજનોએ આમંત્રણ પાઠવ્યું છે.તેમ ગોરધનભાઈ માંદલીયાની યાદીમાં જણાવાયું છે.

## સાવરકુંડલાના જરૂરિયાતમંદ બાળકોને ફ્રી શિક્ષણ પૂરું પાડવાના અભિયાનને એક વર્ષ પૂર્ણ થયું

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલામાં આવેલ ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને ફ્રી શિક્ષણ પૂરુ પાડવાના અભિયાનને એક વર્ષ પૂર્ણ થતાં તેમના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાનુભાવોના સન્માન કાર્યક્રમની ઉજવણી થઈ હતી. આ ટ્રસ્ટ સાવરકુંડલાના છેવાડાના વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ બાળકોને ફ્રી શિક્ષણ પૂરુ પાડી તેમની દરેક જરૂરિયાત પૂરી કરી રહ્યું છે. આ સેવાકીય કાર્યમાં જે સેવાભાવી દાતાઓ અને લોકોએ સહયોગ આપ્યો છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ધારાબેન ગોહીલે પોતાના વક્તવ્યમાં દરેક બાળકોને વિનામૂલ્યે શિક્ષણ અને જોબ પ્લેસમેન્ટ સુધી પૂરી સહાય આપવાની જાહેરાત કરી હતી.

## બાબરા નાગરિક સહકારી બેંકની ચૂંટણી પર રાજકીય માહોલ ગરમાયો

**સપ્ટેમ્બર, ૨૦૨૪ના રવિવારના રોજ સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે**

બાબરા, તા. ૦૫

બાબરા નાગરિક સહકારી બેંકની આગામી તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રવિવારના રોજ યોજાનારી ચૂંટણી માટે રાજકીય માહોલ ગરમાયો છે. જુના ૧૩ ડીરેક્ટરોમાંથી ૧૦ ડીરેક્ટરોની મુદત પૂર્ણ થતી હોવાથી ચૂંટણી ન લડી શકનાર તેમની જગ્યાએ નવા ડીરેક્ટરો આવશે. આ ચૂંટણી માટે કુલ ૮૩ ફોર્મ ઉપડ્યા છે, જેમાં જનરલ કેટેગરીમાં ૬૮, અનુસૂચિત જાતિ કેટેગરીમાં ૭ અને ખેડૂત વિભાગમાં ૮ ફોર્મ છે. ચૂંટણીના કાર્યક્રમ અનુસાર, તા. ૯ અને ૧૦ ના રોજ ફોર્મ ઉપાડવાની છેલ્લી તારીખ છે. તા. ૧૭ ના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને તા. ૧૯ ના રોજ ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે. નિશાન ફાળવણી તા. ૧૯ ના રોજ સાંજે ૪ વાગે થશે. ચૂંટણી તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રવિવારના રોજ સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે અને તુરંત મતગણતરી હાથ ધરાશે. રાત્રે પરિણામ જાહેર કરવામાં આવશે. આ ચૂંટણી છેલ્લા ઘણા સમયથી બેંકને સંચાલિત કરી રહેલા ડીરેક્ટરોના નેતૃત્વ અંગેની મહત્વની હોવાથી રાજકીય પ્રતિસ્પર્ધા નોંધપાત્ર છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# જિલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓ વચ્ચે સંકલન થાય તે માટે માર્ગદર્શન કાર્યક્રમ

**સાંસદ ભરત સુતરીયા, ડીડીઓ પરીમલ પંડયાની વિશેષ ઉપસ્થિતિ**

અમરેલી,તા.૫

રાજ્યમાં ત્રિસ્તરીય પંચાયતી રાજની વ્યવસ્થાને વિશેષ સુદ્રઢ બનાવવા તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે સંકલન થાય તે ઉદ્દેશ્ય સાથે ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન અમલી છે.



ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન વિશે વિગતવાર સમજ અને માર્ગદર્શન આપવા અમરેલી જિલ્લા પંચાયત દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન હેઠળ અમરેલી ખાતે તાલીમ યોજાઈ હતી. આ તાલીમ કાર્યકમમાં સાંસદ અને અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારીઓ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અને અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાનો ધાતરવાડી-૨ છલકાતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી

અમરેલી, તા.૫

અમરેલીના રાજુલા ધાતરવાડી ડેમ-૨ કેટલાક મહિનાથી ખાલી હતો. તેવા સમયે વરસાદી માહોલ અને ઉપરવાસનું પાણી સતત આવકમાં રહેતા ધાતરવડી-૨ ડેમ મોડી રાતે ૧૦૦% ભરાયો હતો. જેને પગલે સ્થાનિક ખેડૂતો, આસપાસના વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. બીજી તરફ નદીના કાંઠાના ૧૦ જેટલા ગામડાને



એલર્ટ કરી સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. મોડી રાતે ડેમ ૧૦૦ ટકા ભરાઈ જતા એક સાથે ૧૦ ગામડાને એલર્ટ આપવામાં આવ્યું છે, જેમાં ખાખબાઈ, હિંડોરણા, છતડીયા, ભચાદર, ઉંચેયા, ધારાનાનેસ રામપરા, કોવાયા, રાજુલા, લોઠપુર, જાફરાબાદ સહિત વિસ્તારનો સમાવેશ થાય છે. ધાતરવડી ડેમ ઓવરફ્લો થવાના કારણે એક દરવાજો ખોલતા પાણીની આવક નદી કાંઠાના વિસ્તારમાં વધી રહી છે. આસપાસના નદી કાંઠાના ગામવાસીઓ નદી નજીક અવરજવર ન કરે તેની અપીલ કરવામાં આવી છે. ગામના સરપંચ, તલાટીમંત્રી સુધીના લોકોને જાણ કરી દેવામાં આવી છે.

ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ 3 ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

# ઈન્ટરનેશનલ મેકફેરમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ ભાગ લેશે

સાવરકુંડલા, તા.૦૫

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ૧૬માં ઈન્ટરનેશનલ મેકફેર લખનૌ ખાતે ભાગ લેવા રવાના થયા. જેમાં ડ્રામા, કલ્ચર પ્રોગ્રામ, સાયન્ટીસ્ટ જેવા કાર્યક્રમોમાં જોડાશે. ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં મેનેજીંગ ટ્રસ્ટી પૂ. ડો. રતિદાદા, સંસ્થાનાં ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા,




આચાર્ય શીતલબેન મહેતા તથા શાળાના સ્ટાફગણે શુભેચ્છા પાઠવી અને સન્માનપૂર્વક વિદાય આપી હતી.

# સામાજિક કાર્યો માટે ગોપાલભાઈ ચમારડીનું અવિસ્મરણીય યોગદાન

બાબરા, તા.૦૫

ચમારડી ગામના વતની ગોપાલભાઈ ચમારડીએ પોતાના આજીવન સમાજસેવાના પ્રયાસો દ્વારા ગુજરાતના ઈતિહાસમાં અનન્ય સ્થાન બનાવી લીધું છે. તાલુકા અને ગામ માટે તેમજ આ વિસ્તારના દરેક સમાજના કાર્યક્રમો માટે સતત સક્રિય રહેલા ગોપાલભાઈએ વિશિષ્ટ કામગીરી બજાવી છે. ગોપાલભાઈના આ અહોભાવના પ્રયાસોમાં મુખ્યત્વે ૧,૦૦૦થી વધુ દીકરીઓના સમૂહલગ્નનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તેમણે રૂ.બે લાખ કરતાં વધુના પોતાના ખર્ચે વૃક્ષો વાવ્યા છે. આ ઉપરાંત તેમણે ૫,૦૦૦ કરતાં વધુ સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ આખા ગુજરાતમાં મૂક્યા છે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS

## અવસાન નોંધ

**બગસરા**

સ્વ. ભારતીબેન દીપકભાઈ વ્યાસ (ઉ.વ. ૬૫)નું તા.૫ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તે રવિભાઈના માતૃશ્રી તથા શાંતિલાલ શિવ શંકરભાઈ પંડિત રાજકોટ (ઢાંક) ના દીકરી તેમજ સ્વ. ચદ્રકાંતભાઈ, અશોકભાઈના બહેન તથા રાજુભાઈ, પિયુષભાઈ, નીતાબેન, રીટાબેનના ભાભી થાય છે. તેમનું બેસણું તા.૬ને શુક્રવારના રોજ સાંજે ૬થી ૭ ગાયત્રી મંદિર બગસરા ખાતે રાખેલ છે.

Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA e BIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
SPECIAL OFFER
OREVA E-BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
Alish
No RTO / PUC LICENCE PETROL POLLUCTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665
PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

### મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૨/૨૦૨૪

**અરજદારશ્રી:-** શ્રી જાબીરઅલી સૈફુદીન ચૌહાણ, રહે. શિવાજીનગર, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી દાદાશ્રી રજબઅલી દાઉદજી ચૌહાણનું મરણ તા.૩૦/૦૪/૧૯૪૬ના રોજ મુ.ગાધકડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

### મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૩૩/૨૦૨૪

**અરજદારશ્રી:-** શ્રી જાબીરઅલી સૈફુદીન ચૌહાણ, રહે. શિવાજીનગર, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના દાદીશ્રી સકીનાબાઈ ઈસમાલજી તે રજબઅલી દાઉદજી ચૌહાણના વિધવાનું મરણ તા.૦૫/૧૨/૧૯૮૬ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**//-જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/ અરજી નં. ૧૬૪/૨૦૨૪

અરજદારશ્રી.......૧ કનુભાઈ ધનજીભાઈ બરવાળીયા, રહે. મહાવીર જીનપાછળ, જાદવભાઈના મકાનમાં મુ.તા. બરવાળા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા........ ૧ તલાટી કમ મંત્રીશ્રી થોરડી, તા. સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારશ્રી કનુભાઈ ધનજીભાઈ બરવાળીયાનો જન્મ તા. ૦૧/૧૨/૧૯૪૯ ના રોજ મુ. થોરડી, તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન -૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ**
**મેજિસ્ટ્રેટ સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં //-

**જાહેર નોટીસ**

નં. મરણ નોંધણી/ અરજી નં. ૬૭/૨૦૨૪

અરજદાર.......શ્રી ગીરધરભાઈ જેઠાભાઈ ઢાંકેચા, રે.ગાધકડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા........ (૧) તકમશ્રી ગાધકડા, તા. સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારશ્રીના પિતા જેઠાભાઈ કાનજીભાઈ ઢાંકેચાનું મરણ તા. ૦૫/૦૪/૨૦૦૭ ના રોજ મુ. ગાધકડા, તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન -૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ**
**મેજિસ્ટ્રેટ સાવરકુંડલા**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં શિક્ષક સંજય મકવાણાનું સન્માન કરાયું

# રાજુલાના ચારોડીયા ગામના શિક્ષકને 'શ્રેષ્ઠ શિક્ષક'નું પારિતોષિક

અમરેલી, તા.૫

રાજુલા તાલુકાના ચારોડીયા ગામના શિક્ષકે વ્યસનમુક્તિ સહિતના કાર્યો કરતા રાજય સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનું પારિતોષિક આપવામાં આવ્યું હતું. રાજુલાના ચારોડીયા પ્રાથમિક શાળાના શિક્ષક સંજયભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ વાંચી-લખીને તો જ્ઞાન પ્રાપ્ત કરે જ છે પરંતુ વિદ્યાર્થીઓ પોતે જ જોવે - અનુભવે ત્યારે સમજણ સાથે શિક્ષણને વધુ અસરકારક રીતે આત્મસાત કરે છે. આ માટે શિક્ષણ કાર્યમાં વિદ્યાર્થીઓની રસરૂચિ કેળવાય તે માટે શાળામાં સતત રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેમજ જુદી જુદી કચેરીઓની મુલાકાત લેવામાં આવે છે. શાળાની વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી ગ્રામજનોને પણ શિક્ષણ સાથે જોડ્યા. સ્વચ્છતા, વૃક્ષ ઉછેર અને વ્યસન મુક્તિ માટે પણ જરૂરી પ્રયાસો કર્યા અને તે માટે



વિશેષ જાગૃતિ કેળવી આત્મનિર્ભર શાળા નામનો એક નવીન પ્રોજેક્ટ બનાવ્યો હતો. સંજયભાઈએ સ્વખર્ચે રૂપિયા ૧૫૦૦૦નું પેન બનાવવાનું મશીન ખરીદ્યું હતું. વિદ્યાર્થીઓ આ મશીન મારફત પેન બનાવે છે. શાળા સમય બાદ વિદ્યાર્થીઓ પેનની શાહી ફીલ કરવાની સાથે પેનનો પોઈન્ટ ફીટ કરે છે. સાથે સાથે શાળામાં રામહાટ પ્રોજેક્ટ પણ શરૂ છે. તેમાં વિદ્યાર્થીઓએ એક ગલ્લામાં પૈસા નાખી પોતાની જાતે જ તેમાંથી શિક્ષણ માટેની જરૂરી વસ્તુઓ મેળવી લે છે.શાળામાં બચત ગલ્લા બેંક પણ શરૂ કરવામાં આવી છે, જેમાં દરેક વિદ્યાર્થીઓ પોતાની પોકેટમનીમાંથી પૈસા બચાવી આ ગલ્લા બેંકમાં જમા કરે છે.

જેમાંથી વર્ષના અંતે વાલીની હાજરીમાં આ બચત બેંકના ગલ્લા ખોલવામાં આવે છે અને જે પૈસા નીકળે છે તેમાં વાલીઓ પણ પૈસા ઉમેરી બાળકના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

### ધો.૧૨ સુધી અલગ-અલગ ગામમાં અભ્યાસ કર્યો

રાજુલાના ચારોડીયા ગામના શિક્ષક સંજય મકવાણાના પિતા પોલીસ કર્મચારી હોવાથી પિતાની બદલી થતી ત્યાં તેમણે અભ્યાસ કર્યો છે. જેમાં ધો.૧ અને ૨ બાબરા, ધો.૩ ખાંભા, ધો.૪-૫ કોડીનાર, ધો.૬ જેતલસર, ધો.૭-૮ કોડીનાર, ધો.૯-૧૦ બગસરા અને ધો.૧૧-૧૨ કુંકાવાવ ખાતે અભ્યાસ કર્યો હતો.

### હરતું ફરતું પુસ્તકાલય પણ શરૂ કર્યુ

ચારોડીયામાં છાત્રો સાથે ગામ લોકોની પણ વાંચન માટે રૂચિ કેળવાય તેવા હેતુથી હરતું-ફરતું પુસ્તકાલય પણ શરૂ કરાયું છે. રવિવાર કે રજાના દિવસોમાં આ હરતું-ફરતું પુસ્તકાલય ગામની દરેક શેરીઓમાં ફરે છે. ગામ લોકો પુસ્તક વાંચવા માટે લઈ જઇ શકે છે. પુસ્તકો આપવા લેવા માટેની કામગીરી પણ વિદ્યાર્થીઓ જ નિભાવે છે.

## માળીલા ગામના બસ સ્ટેન્ડ પાસે ફોર વ્હીલની ટક્કરથી યુવકનું મોત

અમરેલી, તા.૦૫

અમરેલીના માળીલા ગામના બસ સ્ટેન્ડ પાસે ફોર વ્હીલની ટક્કરથી એક યુવકનું મોત થયું હતું. અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના મેવડીપાડા ગામના અને હાલ માળીલા ગામના રણજીતભાઈ વાળાની વાડીએ રહેતા અશોકભાઈ દિત્યાભાઈ ડામોર (ઉ.વ.૨૦) એ ફોર વ્હીલ નંબર જીજે-૧૪-બીડી-૩૮૨૨ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાના હવાલાની કાર પુરઝડપે બેફિકરાઈથી ચલાવી મરણજનાર દિત્યાભાઈ સોમજીભાઈ ડામોરને અડફેટે લઇ એક્સિડન્ટ કરી માથાના તથા મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી નાસી ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

## બગસરાના હડાળા પાસે અકસ્માત સર્જી નાસી જનાર બોલેરોચાલક ઝડપાયો

બગસરા,તા.૦૫

બગસરાના હડાળા ગામ પાસે બે દિવસ પહેલા અજાણ્યા વાહનની અડફેટે જૂના વાઘણીયા ગામના રિતેશભાઈ જે બગસરા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ હતા જેનું મૃત્યુ થયું હતું તે વાહન ચાલક ફરાર હતો. જેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા આ વાહન ચાલકને ગણતરીની કલાકોમાં પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે આ વાહનચાલક બોલેરો લઈને પોતાના કામ માટે જતો હતો ત્યારે અચાનક સામેથી આવતા બાઈકચાલક સાથે અથડાતા ભયના કારણે ત્યાંથી નાસી ગયેલ હતો. ત્યારે બાઈકચાલક રિતેશભાઈનું મૃત્યુ થયું હતું. અકસ્માત સર્જી નાસી જનાર દિનેશભાઈ રઘુભાઈ ચરોલિયા પણ જુના વાઘણીયા ગામના હોવાનું જણાવેલ છે. પોલીસ દ્વારા સીસીટીવી કેમેરા તેમજ અન્ય સ્ત્રોત દ્વારા આ ગુનાનો ભેદ ઉકેલવામાં આવ્યો હતો.



## અમરેલી શહેરમાંથી એસઓજી ટીમે ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો

**કુલ રૂ. ૧૩,૯૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી, તા.૦૫

અમરેલી શહેરમાંથી એસઓજી ટીમે ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ ૧૩,૯૯૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. શહેરમાં બહારપરા, મદીના મસ્જિદની સામે રહેતા હારૂન ઉર્ફે મિત્ર દાઉદભાઈ માંડલીયા (ઉ.વ.૬૪) પાસેથી સુકા ગાંજાનો ૧.૩૯૯ કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ ૧૩,૯૯૦ રૂપિયાનો જથ્થો જપ્ત કર્યો હતો. તેને આ જથ્થો ભાવનગરના સત્તાર ખાટકીએ આપ્યો હોવાની કબૂલાત કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.જી.ચોચા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીના તરવડા ગુરૂકુળ ખાતે ૧૫૦ વિદ્યાર્થીઓએ શિક્ષકની જવાબદારી નિભાવી

**પૂ.રામકૃષ્ણદાસજી સ્વામી દ્વારા શિક્ષકનું મહત્વ સમજાવાયુ**

અમરેલી,તા.૦૫

ભારતના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે તરવડા ગુરુકુળમાં વિદ્યાર્થીઓએ શિક્ષક દિવસની ઉજવણી કરી. જેમાં ૧૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ શિક્ષકની



ભૂમિકા ભજવી શિક્ષક પ્રત્યેની આદરભાવના દ્રઢ કરી હતી. આ પ્રસંગે અભિવાદન સભામાં પૂ. રામકૃષ્ણદાસજી સ્વામી દ્વારા શિક્ષકનું મહત્વ સમજાવવામાં આવ્યું હતુ એવં આદર્શ શિક્ષક સેમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## વિક્ટર ચેકપોસ્ટ પાસે બ્રિજ નીચે કારમાંથી દારૂની બોટલો ઝડપાઈ

**પોલીસે દારૂની બોટલ મળી કુલ રૂ.૫.૦૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો**

અમરેલી, તા.૦૫

મરીન પીપાવાવના વિક્ટર ચેકપોસ્ટ પાસે બ્રિજ નીચેથી ફોર વ્હીલ લઈને પસાર થતાં એક યુવકને અટકાવી તલાશી લેતાં તેમાંથી દારૂની બોટલો મળી આવી હતી. મહુવામાં રહેતા સુનિલભાઈ આણંદભાઈ ભાલીયા (ઉ.વ.૩૨) નામનો ઈસમ ફોર વ્હીલ લઈને પસાર થતો હતો ત્યારે તેની કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૧૩ બોટલ મળી આવી હતી. પોલીસે કાર, દારૂની બોટલો મળી કુલ રૂ.૫,૦૩,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે. મોટા ઉજળા ગામેથી ૫ લીટર, અંટાળીયા ગામેથી ૫ લીટર તથા રાજુલામાંથી ૫ લીટર મળી કુલ ૧૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ટીંબી ગામે હાઈ-વે રોડ પરથી ૪, ત્રાકુડા તથા સાવરકુંડલામાંથી ૨-૨ મળી કુલ ૮ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## સાવરકુંડલામાં લગ્ન પ્રસંગમાં જમવા આવેલા યુવકનું બાઈક ચોરાયું

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં લગ્ન પ્રસંગમાં જમવા આવેલા યુવકનું મોટર સાયકલ ચોરાયું હતું. બનાવ અંગે નૌશાદભાઈ ઈસુફભાઈ પઠાણ (ઉ.વ.૩૪) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની મોટર સાયકલ લઈને કાકાની દિકરીના લગ્ન પ્રસંગમાં જમવા માટે ગયા હતા. સાવરકુંડલા મેમણ જમાત પાસે મૂકીને ગયા અને જમીને પરત આવીને જોયુ તો તેમનું મોટર સાયકલ જેની આશરે કિંમત રૂ.૨૦,૦૦૦ની કોઇ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એચ.કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ત્રીજ
તા. ૦૬-૦૯-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૧,
સૂર્યાસ્ત-૦૬:૩૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા.૦૬-૦૯-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

વૃષભ: આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે.

સિંહ: આજે તમારે અધૂરું કામ પૂર્ણ કરવું જોઈએ. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. વારસામાં પિતાની સંપત્તિ મળવાની સંભાવના છે. નોકરી કરનારાઓને નવી તકો મળશે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે, તમે ફક્ત માથે પડેલા કોઈ કાર્ય કરશો.

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકો છો.

મકર: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને ભાર પણ ઓછો થશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ.

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે.

## સા.કુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિરના સુપ્રીટેન્ડન્ટે માનવમંદિરની મુલાકાત લીધી

સાવરકુંડલા,તા.૦૫

સાવરકુંડલા શહેરમાં આવેલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સુપ્રીટેન્ડેન્ટ ડો. પ્રકાશભાઈ કટારિયા અને તેમના મિત્ર મંડળે 'માનવમંદિર'ની મુલાકાત લીધી. 'માનવમંદિર' એટલે સાવરકુંડલામાં આવેલ એક સંસ્થા, જે મનોરોગી બહેનોને




સંપૂર્ણ આશ્રય અને સેવા પૂરી પાડે છે. આ સંસ્થાની સ્થાપના પૂ. ભક્તિરામબાપુએ કરી છે, જે માનવ સેવામાં પ્રતિબદ્ધ છે. 'માનવમંદિર'માં કુલ ૧૨૩ મનોરોગી બહેનો રહે છે. અહીં તેમને માતૃપ્રેમ અને પિતાતુલ્ય સ્નેહથી સંભાળવામાં આવે છે. જાત-પાતના ભેદભાવ વગર, માત્ર સ્નેહની ભાવનાથી આ સેવાકાર્ય કરવામાં આવે છે. ફલસ્વરૂપ, આ બહેનો સંપૂર્ણ સ્વસ્થ થઈને સમાજમાં પુનઃસ્થાપિત થઈ છે.

## સરકારી પીપળવા ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

લાઠી, તા.૦૫

લાઠીના સરકારી પીપળવા ગામેથી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવ સંદર્ભે હરેશભાઈ પ્રાગજીભાઈ વઘાસિયા (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી ધ્રુવી (ઉ.વ.૧૮) ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની મેળે ઘરેથી નીકળી ક્યાંક જતી રહી હતી. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.ડી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

-//મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં //-

### જાહેર નોટીસ

નં. મરણ નોંધણી/ અરજી નં. ૩૦/૨૦૨૪

અરજદારશ્રી.......શ્રી હરજીભાઈ મનજીભાઈ પીપળીયા,
રે.સુરજવડી, બાઢડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા........ (૧) તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા. સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારશ્રીના ભાઈ લાલજીભાઈ મનજીભાઈ પીપળીયાનાઓનું મરણ તા. ૧૦/૧૦/૧૯૯૧ ના રોજ મુ. બાઢડા, તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન -૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ
મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં //-

### જાહેર નોટીસ

નં. જન્મ નોંધણી/ અરજી નં. ૧૫૫/૨૦૨૪

અરજદારશ્રી.......(૧) મનસુખભાઈ પોપટભાઈ ડોબરીયા,
રહે. સી/૧,૫૦૩, વર્ણીરાજ એપાર્ટમેન્ટ, સરથાણા જકાતનાકા, સુરત.

-//વિરૂધ્ધ//-

સામાવાળા........ (૧) તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા, તા. સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારશ્રીના પુત્રી રંજનબેન મનસુખભાઈ ડોબરીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૭ના રોજ મુ. ગાધકડા, તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ,જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન -૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ
મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં //-

### જાહેર નોટીસ

નં. જન્મ નોંધણી/ અરજી નં. ૧૫૬/૨૦૨૪

અરજદારશ્રી.......(૧) મંજુલાબેન ધીરૂભાઈ ખાત્રાણી,
રહે. મેરીયાણા, તા.સાવરકુંડલા, જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા........ (૧) તલાટી કમ મંત્રીશ્રી થોરડી, તા. સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારશ્રીના પુત્ર સુખલાલ ધીરૂભાઈ ખાત્રાણીનો જન્મ તા.૧૫/૦૮/૧૯૮૧ ના રોજ મુ. થોરડી, તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ,જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન -૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ
મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

તંત્રી લેખ

## શહેરોને જળબંબાકાર થતા અટકાવવા માટે સરકાર એક્શન મોડમાં

છેલ્લા કેટલાક સમયથી ગુજરાત ભરમાં ભાવનગરને બાદ કરતા ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે બરોડા, અમદાવાદ જેવા શહેરોની અંદર રાજમાર્ગો પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો નજરે ચડતા હતા માત્ર નગરોની વાત નહીં પરંતુ આપણા રેલ્વે ટ્રેક અને હાઈવે પણ પાણી નીચે ડૂબી ગયા હતા. અહીં મુખ્ય સમસ્યા એ જ છે કે વરસાદી પાણીનો નિકાલ જે ઝડપભેર થવો જોઈએ તે શા માટે નથી થતો. આ માટે દરેક શહેરોમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી કરવામાં આવતી હોય છે. આમ છતાં આપણા નગરોના રાજમાર્ગો પર ચાર ચાર ફૂટ પાણી નદી જેમ વહેતા હોય તેવા દ્રશ્યો ગત સપ્તાહે જોવા મળ્યા હતા. તો બીજી બાજુ રેલવે ટ્રેક ધોવાઈ ગયા છે, રસ્તામાં મોટા ભુવા પડ્યા છે. આ બધું શા માટે થાય છે? આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સરકાર નવા નિયમને કાયદા લાવશે. સરકાર દબાણરૂપ મકાનોને નિયમિત કરવા ઈમ્પેક્ટ ફી સહિતની યોજના લાવે છે. હવેથી પાણીના વહેણને અવરોધે તેવાં મકાનોને નિયમિત નહીં કરવાનો નિર્ણય લેવાશે. સત્તાતંત્રએ પણ આ મામલે યોગ્ય ખરાઈ કર્યા બાદ જ યોજના હેઠળ જે- તે મકાનને નિયમિત કરવાનું રહેશે.વડોદરા, અમદાવાદ અને જામનગરમાં ભારે વરસાદને કારણે પૂરના પાણી લોકોનાં ઘરોમાં ઘૂસી ગયાં અને કેટલાંય સમય સુધી પાણી ઓસર્યાં નહીં. આ ઘટનાઓનો પ્રાથમિક અભ્યાસ કરી સરકારે નોંધ્યું છે કે ઘણાં ઠેકાણે પાણીના વહેણના માર્ગ પર જ મકાનો, રસ્તા સહિતના માળખાં ઊભાં થઈ ગયાં હોવાથી આમ થયું છે. આ અભ્યાસ બાદ સરકારે નિર્ણય કર્યો છે કે, શહેરોમાં અને હાઈવે સહિતનાં સ્થળોએ જ્યાં પાણી ભરાતાં હશે ત્યાં દબાણરૂપ મકાનો સહિતનાં બાંધકામને દૂર કરાશે. આ ઉપરાંત અડચણરૂપ મકાન જો નિયમિત બાંધકામ હશે તો તેના માટે તકનીકી વિકલ્પ શોધવામાં આવશે અને પાણી માટે રસ્તો કરાશે. હવે ટીપી સ્કીમનો પ્લાન બનાવતા પૂર્વે કોન્ટોર એટલે કે જમીનના ઢોળાવ સહિતના વિસ્તારોનો અભ્યાસ પણ ધ્યાને લેવાનો રહેશે. ટીપી સ્કીમ બનાવતી વખતે માત્ર પ્રાથમિક સુવિધાઓ સહિતની બાબતોને ધ્યાને લઈને કાગળ પર જ તેનો પ્લાન બની જાય છે, તેને બદલે હવેથી પાણીના ઢોળાવનો અને વહેણના માર્ગોનો પૂરતો સંયુક્ત અભ્યાસ કરી તેને સંલગ્ન ટીપી સ્કીમ તૈયાર કરવાની રહેશે. નક્શો આખરી કરતા પૂર્વે શહેરના રસ્તા પાણીના વહેણને છેદીને નીકળે તેને બદલે સમાંતર રહે તે ધ્યાને રાખવામાં આવશે. અગાઉની ટીપી સ્કીમમાં મંજૂર કરાયેલા કે ઈમ્પેક્ટ હેઠળ નિયમિત થયેલા મકાનો જો પાણીના વહેણને અવરોધરૂપ હશે, તો તે મકાન તોડી પાડવાને બદલે ત્યાંથી પાણીનું વહેણ આગળ વધી શકે તે માટે તકનીકી અભ્યાસ બાદ તેનો ઉકેલ લાવવામાં આવશે. આ માટે આવાં વિસ્તારોમાં ફ્લડ મેનેજમેન્ટ અને સ્ટોર્મ વોટર ડ્રેઈનેજનું માળખું વધુ સદ્ધર કરવામાં આવશે. સરકારે નોંધ્યું છે કે ભારે વરસાદની ચેતવણી ન હોય ત્યાં પણ થોડાક કલાકોમાં જ ખૂબ વરસાદ વરસી જાય છે.

# ગણેશચતુર્થીનોમહિમાઅપરંપાર

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

જય ગણેશ જય ગણેશ પાહિમામ. શ્રી ગણેશ જય ગણેશ રક્ષમામ. આદિદેવ શ્રી ગણેશ ભગવાનની ચતુર્થીનો તહેવાર ભારતના અનેક રાજ્યોમાં ખૂબ ધામધૂમથી ઉજવાય છે. પંચાગ મુજબ ભાદરવા મહિનાના શુકલ પક્ષની ચતુર્થી તિથિના રોજ આ તહેવાર શરૂ થાય છે અને ૧૦ દિવસ સુધી ગણેશોત્સવ ઉજવાય છે. માનવામાં આવે છે કે ભાદરવા શુક્લ ચતુર્થીના રોજ જ ગણેશજીનો જન્મ થયો હતો. વર્ષ ૨૦૨૪માં આ તિથિ ૭ સપ્ટેમ્બરના રોજ છે. આ દિવસે ભક્તો પોતાના ઘરમાં ગણેશની સ્થાપના પણ કરે છે. આવામાં આજે અમે તમને બતાવી રહ્યા છે કે ગણેશની સ્થાપના માટે ૭ સપ્ટેમ્બરના રોજ શુભ મુહુર્ત ક્યારે રહેશે અને આ દિવસે શુ શુભ યોગ બની રહ્યા છે. આ વખતે ગણેશ ચતુર્થી પર અનેક શુભ યોગ બનવા જઈ રહ્યા છે. જેને કારણે આ તહેવાર વધુ શુભ ફળદાયી બની ગયો છે. આ દિવસે રવિ અને સર્વાર્થ સિદ્ધિ યોગ રહેશે આ સાથે જ આખો દિવસ બ્રહ્મ યોગ પણ વિરાજમાન રહેશે. રવિ યોગની શરૂઆત ૬ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ વાગીને ૨૭ મિનિટથી થઈ જશે અને ૭ સપ્ટેમ્બરના રોજ બપોરે લગભગ ૧૩ વાગીને ૩૦ મિનિટ સુધી આ યોગ રહેશે. આ સાથે જ સર્વાર્થ સિદ્ધિ યોગ આ દિવસે બપોરે ૧૨ વાગીને ૩૪ મિનિટથી બીજા દિવસે એટલે કે ૮ સપ્ટેમ્બર સુધી કાયમ રહેશે. આ શુભ યોગનો લાભ તમે બાપ્પાનુ ભજન કીર્તન કરીને મેળવી શકો છો. આ દરમિયાન ગણેશજીના મંત્રોનો જાપ કરવાથી પણ તમને વિશેષ લાભની પ્રાપ્તિ થશે. આવો

હવે જાણીએ આ વખતે ગણેશ ચતુર્થીના દિવસે અનેક શુભ યોગો પણ બનવાના છે. જેના કારણે આ તહેવાર વધુ શુભ બન્યો છે. આ દિવસે રવિ અને સર્વાર્થ સિદ્ધિ યોગ રહેશે, આ સાથે બ્રહ્મ યોગ પણ દિવસભર રહેશે. રવિ યોગ ૬ સપ્ટેમ્બરે સવારે ૯.૨૭ વાગ્યે શરૂ થશે અને ૭ સપ્ટેમ્બરના રોજ લગભગ ૧૩.૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ સાથે સર્વાર્થ સિદ્ધિ યોગ આ દિવસે બપોરે ૧૨.૩૪ વાગ્યાથી બીજા દિવસે એટલે કે ૮ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. તમે બાપ્પાના ભજન અને કીર્તનનો જાપ કરીને આ શુભ યોગોનો લાભ મેળવી શકો છો. આ સમય દરમિયાન ભગવાન ગણેશના મંત્રોના જાપ કરવાથી પણ તમને વિશેષ લાભ મળશે. ચાલો હવે જાણીએ કે તમારે ગણેશ ચતુર્થીના દિવસે ભગવાન ગણેશની મૂર્તિ શા માટે સ્થાપિત કરવી જોઈએ

ગણેશ સ્થાપનનું શુભ મુહૂર્તઃ ગણેશ ચતુર્થી દરમિયાન, ઘણા ભક્તો ભગવાન ગણેશની મૂર્તિને ઘરે સ્થાપિત કરે છે. બાપ્પાના આશીર્વાદ મેળવવા માટે તમારે યોગ્ય સમયે ગણેશજીની સ્થાપના કરવી જોઈએ. આ વખતે ગણેશ સ્થાપનાનુ શુભ મુહુર્ત ૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧:૦૨ થી બપોરે ૧:૩૪ સુધીનો રહેશે. આ સમય દરમિયાન, ભગવાન ગણેશની સ્થાપના સાથે, તમે



બાપ્પાની પૂજા પણ કરી શકો છો. જો તમે યોગ્ય સમયે બાપ્પાને ઘરમાં સ્થાન આપશો તો તમને જીવનમાં સુખ-સમૃદ્ધિ જરૂર મળશે. ગણેશ ચતુર્થીના દિવસે આ મંત્રોનો જાપ કરવાથી મળશે લાભ થશે- ઓમ ગં ગણપતયે નમો નમઃ ।ઓમ એકદન્તાય વિદમહે વક્રતુણ્ડાય ધીમહિ તન્નો દન્તિહ પ્રચોદયાત્. ઈદમ ન મમ. ઓમ ગણ ગણપતયે નમઃ। ૐ શ્રી ગં સૌભ્યાય ગણપતયે વર વરદ સર્વજનમ મે વશમાનય સ્વાહા. ભગવાન ગણેશના આ સરળ મંત્રોનો તમે દિવસના કોઈપણ સમયે પૂજા દરમિયાન અને પૂજા પછી પણ જાપ કરી શકો છો. આ મંત્રોના જાપ કરવાથી તમને માત્ર ભગવાન ગણેશના આશીર્વાદ મળે એવું નથી પરંતુ તમને માનસિક સમસ્યાઓથી પણ મુક્તિ મળે છે. સનાતન ધર્મમાં પ્રથમ આદરણીય ભગવાન શ્રી ગણેશ ખૂબ જ શક્તિશાળી અને દયાળુ દેવ છે. જે કોઈ પણ ભક્ત સાચા હૃદયથી તેમની પૂજા કરે છે, તેના જીવનમાંથી તેના દુઃખ અને પીડા દૂર થઈ જાય છે. કોઈપણ પૂજા અથવા શુભ કાર્ય શ્રી ગણેશની પૂજાથી શરૂ થાય છે અને તે ભોલેનાથ અને માતા પાર્વતીના પુત્ર છે અને તેમને જ્ઞાન, બુદ્ધિ અને સુખ અને સમૃદ્ધિના દેવતા માનવામાં આવે છે. તેમની બુદ્ધિમત્તાના બળ પર જ તેમને પ્રથમ પૂજનીય દેવતાનું પદ મળ્યું છે. મુષક રાજને વાહન બનાવવા પાછળ ગણેશજીની શું લીલા હતી? : ગણેશ ચતુર્થીના તહેવારને હિન્દુ ધર્મમાં ખૂબ જ મહત્વપૂર્ણ તહેવાર માનવામાં આવે છે. આ ઉત્સવમાં શ્રી ગણેશનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે અને સમગ્ર વિશ્વ ગણપતિ બાપ્પાની ભક્તિના રંગમાં રંગાઈ જાય છે. શ્રી ગણેશની દરેક મૂર્તિમાં ભગવાન પોતાના વાહન મુષક પર સવાર હોય છે અથવા મુષક સાથે હોય છે. મુષકરાજા વિના તેમની પ્રતિમા કંઈક અધૂરી લાગે છે, પરંતુ ગણેશજીનું વાહન મુષક કેમ બન્યું? ચાલો જાણીએ આની પાછળ ભગવાનની શું લીલા હતી? ઉંદર કેવી રીતે વાહન બન્યું? : દંતકથા અનુસાર ભગવાન ઈન્દ્રના દરબારમાં ક્રૌંચ નામનો એક ગંધર્વ હતો જે દરબારમાં હસવા અને મજાક કરવામાં વ્યસ્ત હતો. જેના કારણે દરબાર વિસર્જન થઈ રહ્યું હતું આ દરમિયાન ક્રૌંચે ઋષિ વામદેવ પર પગ મૂક્યો. આ ઘટનાથી વામદેવ ક્રોધિત થઈ ગયા અને ક્રૌંચને શ્રાપ આપ્યો અને તે શ્રાપને કારણે તે ઉંદર બની ગયો. ઉંદર બન્યા પછી પણ તે સુધર્યો નહીં અને ઋષિ પરાશરના આશ્રમમાં ભયંકર નુકસાન કર્યું. ભગવાન શ્રી ગણેશ પણ આ જ આશ્રમમાં હતા, તેથી મહર્ષિ પરાશરે ગણેશને આખી વાત કહી અને આ ઉંદરને પાઠ ભણાવવા કહ્યું. ગણેશજીએ તે ઉંદરને પાતાળ લોકથી પકડી લાવ્યા. જ્યારે ઉંદર ભગવાન પાસે તેના જીવન માટે આજીજી કરવા લાગ્યો, ત્યારે ભગવાન ગણેશે તેને નિયંત્રણમાં રાખવા માટે પોતાનું વાહન બનાવ્યું. બીજી પૌરાણિક કથા : અન્ય એક પૌરાણિક કથા અનુસાર ગજમુખાસુર નામના રાક્ષસે બધા દેવતાઓને ખૂબ પરેશાન કર્યા હતા. એક દિવસ બધા દેવતાઓ ભગવાન શ્રીગણેશ પાસે આવ્યા અને તેમને તેમની દુર્દશા જણાવી. જ્યારે ભગવાન શ્રી ગણેશ રાક્ષસને સમજાવવા માંગતા હતા, ત્યારે તેમણે ભગવાનને યુદ્ધ માટે પડકાર્યો અને પછી ભગવાન શ્રી ગણેશ અને રાક્ષસ ગજમુખાસુર વચ્ચે યુદ્ધ થયું. તે યુદ્ધમાં ભગવાન ગણેશનો એક દાંત તૂટી ગયો જેના કારણે તે ખૂબ જ ક્રોધિત થઈ ગયા. ગુસ્સામાં તેણે રાક્ષસ પર દાંત વડે હુમલો કર્યો અને ગજમુખાસુર ડરી ગયો અને ઉંદરના રૂપમાં ભાગવા લાગ્યો. જ્યારે ભગવાન ગણેશે તેને પકડી લીધો, ત્યારે રાક્ષસે તેના જીવનની ભીખ માંગી હતી અને ભગવાન શ્રી ગણેશએ તેને પોતાનું વાહન બનાવ્યું.

**આદિ અને અંત વગરના વિરાટ વિશ્વને પેલે પાર ગણેશ પરમ શક્તિ રૂપે બિરાજમાન છે. આ જગતમાં પણ તેઓની ક્ષમતા અને સત્તા સર્વ વ્યાપક છે આથી તેમને સર્વપ્રથમ પૂજવામાં આવે છે. ગણેશ ચતુર્થીની અત્યંત મહત્વની વિગતો જાણવી જરૂરી છે.**


**ક્ષમાપના પર્વ એટલે સુખ શાંતિની શરૂઆતઃ**

આજે પર્યુષણ મહાપર્વનો સોનેરી સુરજ આજે સોનેરી ઊગશે. કેવો સોહામણો દિવસ લાગે છે? અરે! આજે પ્રભુ ભકતિની રાત્રી પણ આનંદદાયક લાગે છે જેમ પારસમણીથી લોઢું સોનું બની જાય છે. તેમ આ મહાપર્વ રૂપી પારસમણીથી લોઢા જેવો કઠણ આપણો આત્મા સોના જેવો નરમ બની જશે.આજ સુધી જીવે અહંકાર, મમત્વ, લોલુપતા આદિથી બીજા જીવો પ્રત્યે ક્રોધ કર્યો હોય, તો અહંકાર આદિ ત્યાગ કરી માફી માંગવાની હોય છે. શબ્દની તલવાર બીજાના હૃદયને ચિરી નાંખે છે. સામાની ભુલને ભુલી જવાની કલા શિખી લીધી હોય, તો માફી માંગતા વાર ન લાગે. જેથી વૈરની પરંપરા ન ચાલે. ક્ષમાપન એ બે દિલરૂપી નદીનાં બે કિનારાઓને જોડનારો પુલ સેતુ છે.

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૪૦ | ૧૬૮૮ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૫ |
| ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૨૦ |
| જુવાર સફેદ | ૭૫૫ | ૮૫૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૦૦ | ૪૮૦ |
| તુવેર | ૧૬૦૦ | ૨૨૩૪ |
| ચણા પીળા | ૧૩૪૦ | ૧૪૯૫ |
| ચણા સફેદ | ૧૫૨૫ | ૨૯૪૧ |
| અડદ | ૧૬૫૦ | ૧૮૭૬ |
| મગ | ૧૨૫૦ | ૧૬૫૭ |
| ચોળી | ૧૮૦૦ | ૩૨૦૦ |
| વટાણા | ૧૩૫૧ | ૨૪૦૪ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૧૦૬૪ | ૧૨૭૮ |
| મગફળી જીણી | ૧૦૬૦ | ૧૧૯૦ |
| અળશી | ૯૦૦ | ૯૦૦ |
| તલી | ૨૦૦૦ | ૨૫૪૯ |
| એરંડા | ૧૧૪૮ | ૧૧૯૪ |
| સોયાબીન | ૮૭૦ | ૯૦૫ |
| સીંગફાડા | ૯૨૦ | ૧૨૮૦ |
| કાળા તલ | ૩૦૨૦ | ૩૪૫૮ |
| લસણ | ૩૫૧૧ | ૫૫૫૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૪૫૦ |
| ધાણી | ૧૨૧૦ | ૧૫૪૦ |
| વરીયાળી | ૯૫૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૮૦૦ |
| રાય | ૧૦૩૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૭૦ | ૧૨૯૦ |
| રાયડો | ૯૭૦ | ૧૦૮૭ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૪૯૦૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૯૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૩૧ |
| ડુંગળી સુકી | ૨૮૦ | ૮૮૦ |
| ટમેટા | ૩૦૦ | ૫૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૨૫૦૦ | ૩૦૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૪૦ | ૪૫૦ |
| ફ્લાવર | ૪૬૦ | ૫૮૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૩૪૦ | ૫૬૦ |
| વાલોળ | ૪૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૫૦ |
| કંટોળા | ૭૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૪૦ | ૪૪૦ |
| મેથી | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૪૫૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૧૬૨ |
| શિંગ મોટી | ૭૩૫ | ૧૨૪૧ |
| શિંગદાણા ફાડા | ૧૦૩૮ | ૧૪૧૮ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૯૦ |
| તલ કાળા | ૨૮૫૦ | ૩૪૪૫ |
| બાજરો | ૪૨૪ | ૪૭૬ |
| જુવાર | ૪૪૪ | ૮૪૮ |
| ઘઉં ટુકડા | ૩૫૫ | ૬૨૫ |
| ઘઉં લોકવન | ૫૩૧ | ૫૮૬ |
| મગ | ૧૪૩૦ | ૧૬૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૫૧૪ |
| કપાસ | ૯૨૦ | ૧૬૭૦ |
| એરંડા | ૮૦૦ | ૧૧૫૨ |
| જીરું | ૪૦૯૦ | ૪૪૩૦ |
| રાયડો | ૯૪૫ | ૯૮૯ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૫૫ |
| રજકાનું બી | ૫૨૫૦ | ૫૨૫૦ |
| કાંગ | ૬૮૦ | ૧૧૦૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૫૪૦ |
| રીંગણાં | ૬૦૦ | ૮૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૩૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ગાજર | ૪૫૦ | ૫૦૦ |
| દૂધી | ૫૦૦ | ૬૦૦ |
| કરેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૫૫૦ | ૬૩૦ |
| મુળા | ૪૦૦ | ૫૨૦ |
| કાકડી | ૫૩૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| ચોળાલીલાં | ૭૨૦ | ૮૩૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૪૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૨૫૫૦ | ૩૦૫૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગઓળા | ૭૨૦ | ૮૧૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી સૂકી | ૪૬૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૩૦૫૦ | ૪૧૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૬૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૦૧ | ૧૬૬૬ |
| ઘઉં લોકવન | ૫૪૬ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૪૦ |
| મગફળી જીણી | ૮૨૧ | ૧૨૬૧ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૫૯૧ |
| સિંગ ફાડીયા | ૧૦૩૧ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૧૯૬ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૯૯૧ |
| વરીયાળી | ૬૦૧ | ૧૩૫૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૩૧ |
| લસણ સુકું | ૨૬૦૧ | ૫૮૨૧ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૭૭૧ |
| અડદ | ૧૧૨૧ | ૧૯૬૧ |
| તુવેર | ૧૨૦૧ | ૨૧૯૧ |
| રાયડો | ૮૦૧ | ૯૫૧ |
| મેથી | ૮૫૧ | ૧૩૫૧ |
| સુરજમુખી | ૩૦૧ | ૧૦૨૬ |
| ગુવાર બી | ૮૫૧ | ૯૦૧ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૨૫૧ |
| સફેદ ચણા | ૧૪૪૧ | ૨૮૮૧ |
| મગફળી નવી | ૮૦૧ | ૯૫૦ |
| તલ - તલી | ૧૭૦૧ | ૨૫૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૨૬ |
| બાજરો | ૩૩૧ | ૫૦૧ |
| જુવાર | ૭૫૧ | ૮૪૧ |
| મકાઇ | ૩૫૧ | ૫૦૦ |
| મગ | ૯૦૧ | ૧૬૯૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૬૬ |
| વાલ | ૫૭૬ | ૨૧૫૧ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૧૯૦૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૮૧ |
| ગોગળી | ૫૨૫ | ૧૦૩૧ |
| વટાણા | ૨૬૦૧ | ૨૬૦૧ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૨૬ |
| કપાસ | ૧૦૫૧ | ૧૬૦૦ |
| બાજરો | ૪૬૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૧ |
| જુવાર | ૭૫૧ | ૮૫૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૪૩૧ |
| જીરૂ | ૪૫૨૬ | ૪૫૨૬ |
| સોયાબીન | ૭૯૦ | ૮૧૨ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૧૬ |
| જુવાર | ૪૧૪ | ૭૭૬ |
| બાજરી | ૪૨૪ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| અડદ | ૧૩૨૨ | ૧૩૨૫ |
| મગ | ૧૧૭૯ | ૧૧૭૯ |
| ચણા | ૯૦૦ | ૧૪૬૬ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૨૫ |
| તલ કાળા | ૨૭૦૧ | ૩૨૮૦ |
| તુવેર | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ડુંગળી લાલ | ૧૦૪ | ૯૦૧ |
| ડુંગળી સફેદ | ૨૨૦ | ૬૭૬ |
| નાળીયેર | ૪૫૦ | ૧૭૬૦ |
| **કોડીનાર** | | |
| બાજરી | ૪૮૦ | ૫૧૯ |
| ઘંઉ | ૪૮૫ | ૬૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૦૨ |
| સફેલ તલ | ૨૧૦૦ | ૨૫૦૮ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૩૯૮ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૯ |
| જુવાર | ૬૫૦ | ૮૦૬ |
| મગ | ૧૩૫૦ | ૧૬૩૦ |
| ચણા | ૧૨૨૩ | ૧૪૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| સોયાબીન | ૭૬૦ | ૮૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૦૯ | ૫૮૦ |
| બાજરો | ૩૯૧ | ૩૯૧ |
| એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૩૫ |
| ચણા | ૧૩૦૦ | ૧૪૬૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| તુવેર | ૧૧૧૫ | ૧૧૧૫ |
| મગફળી | ૬૫૦ | ૮૫૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ડુંગળી | ૬૨૫ | ૬૨૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૨૦ | ૧૨૬૦ |
| ઘઉં | ૫૨૫ | ૫૭૫ |
| ચણા | ૧૩૪૦ | ૧૩૪૦ |
| તલ | ૨૦૨૧ | ૨૨૩૦ |
| શીંગ ફાડા | ૧૦૫૫ | ૧૦૫૫ |
| મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ધાણા | ૧૧૫૨ | ૧૧૫૨ |
| સોયાબીન | ૮૫૫ | ૮૫૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૪૭ | ૧૬૮૩ |
| મગ | ૧૩૫૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૫૦૦ |
| ઘઉં | ૪૯૧ | ૫૫૨ |
| ચણા | ૧૪૨૪ | ૧૪૬૬ |
| તલ સફેદ | ૨૧૧૦ | ૨૩૪૫ |
| તલ કાળા | ૨૫૫૦ | ૩૩૭૫ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૪૨૫ | ૧૬૦૦ |
| બાજરો | ૩૦૦ | ૫૧૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૦ |
| મગ | ૧૨૦૦ | ૧૬૧૫ |
| અડદ | ૧૫૦૦ | ૨૦૪૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૫૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૬૬ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૭૨ |
| તલ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| રાયડો | ૯૪૦ | ૧૦૪૦ |
| લસણ | ૧૦૦૦ | ૫૮૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૬૪૫ |
| અજમો | ૨૩૬૫ | ૩૨૭૫ |
| ધાણા | ૧૦૩૦ | ૧૩૨૫ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૯૦૦ |
| સીંગદાણા | ૧૦૦૦ | ૧૪૭૦ |

## શબ્દ સંજોગ-૧૮૬૪



**આડી ચાવી :**
(૧) વિના, સિવાય (૩)
(૩) ગાડું (૩)
(૬) ઉંદર મામાનું ઘર (૨)
(૭) એક રાશિ (૩)
(૮) તમારું ........ કેટલું છે ? (૨)
(૯) દૃષ્ટ, લક્ષ્ય (૩)
(૧૧) સુરતનું ...... ને કાશીનું મરણ (૩)
(૧૩) પીડવું તે (૩)
(૧૪) ........માં, અક્કલ નહીં (૩)
(૧૬) કવિતા કરવી તે (૩)
(૧૯) સરોવર (૨)
(૨૦) એક કેદ (૩)
(૨૪) સત્વ (અવળું) (૨)
(૨૬) તમને ..... લાગી છે ? (૩)
(૨૮) એક ફરસાણ (૩)
(૨૯) ચિંતન (૩)
(૩૦) પાસા ફેંકી ભવિષ્ય જોવાની પધ્ધતિ (૩)

**ઊભી ચાવી :**
(૧) મોં, ચહેરો (૩)
(૨) ..... મરી એટલે વૈદ વેરી (૩)
(૩) તેમને આમાં .... નથી ને ? (૨)
(૪) દેવું, ઋણ (૩)
(૫) અભિમાન, તોર (૨)
(૮) બાંધેલા લોટ (૩)
(૧૦) દાંત (૩)
(૧૨) ..... હોય તો માળવે જવાય (૨)
(૧૫) રામનો એક પુત્ર (૨)
(૧૬) આ ખાનાં ભરવામાં કોઈ ....... ન રાખશો (૩)
(૧૭) ચાંદીનું સાવ પાતળું પડ (૩)
(૧૮) ધનુષની દોરી (૩)
(૨૦) એક અંગ્રજી તોલ (અવળું) (૩)
(૨૧) સમ, સોગંદ (૩)
(૨૩) વિનાશ, પડતી (૩)
(૨૫) રોટલી કે ભાખરીનો બાંધલો લોટ (૩)
(૨૭) સાહેબ (૨)
(૨૮) ઔષધી પીસવાનો ખાડાવાળો પથ્થર (૨)

## શબ્દ સંજોગ-૧૮૫૯ જવાબ

**આડી ચાવીઃ** (૧) વૈશાખ(૩) અમર (૬) તમસ (૭) મવાલ (૮) ગ્યઆરો (આરોગ્ય) (૧૦) બાબત (૧૧) રાબ (૧૨) દામ (૧૩) અભય (૧૫) મખમલ (૧૭) વરાધ (૧૯) ડણક (૨૦) સાન (૨૧) માન (૨૨) બાદ (૨૩) છાલ (૨૪) જનક (૨૬) રવેશ (૨૭) ત્વરા.
**ઊભી ચાવીઃ** (૧) વૈરાગ્ય (૨) ખતરો (૩) અસબાબ (૪) રમત (૫) અલકમલક (૯) આરંભ (૧૨) દામણ (૧૩) અજ (૧૪) યવન (૧૬) ખડ (૧૮) ધમાલ (૨૦) સાદર (૨૩) છાશ (૨૪) જરા (૨૫) કવિ .

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કુંકાવાવ તાલુકાનો નાજાપુર એપ્રોચ રોડ રૂ. ૭૦ લાખના ખર્ચે રીકાર્પેટ થશે

**ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની રજૂઆત રંગ લાવી**

અમરેલી,તા.૦૫

અમરેલીના યુવાન અને કર્મઠ ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પોતાના મતવિસ્તારના રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય અને વરસાદથી નુકસાન પામેલા રોડના રીકાર્પેટ કરવાના કામ ઝડપથી હાથ ધરાય એ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન વિભાગના પંચાયત હસ્તકના નાજાપુર એપ્રોચ રોડ



૨(બે) કિલોમીટર રસ્તાના રીસરફેસના કામ માટે રૂ. ૭૦ લાખની રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ રકમમાંથી અમરેલી જિલ્લાના આ મુખ્ય રસ્તાનું રીકાર્પેટ કામ ટૂંક સમયમાં હાથ ધરાશે. રસ્તાના નવીનીકરણનું આ કામ સંપન્ન થતા, આ વિસ્તારની પ્રજાને પડતી મુશ્કેલીમાંથી મુક્તિ મળશે એમ કૌશિકભાઈ વેકરીયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# લીલીયા મોટામાં પાણી પુરવઠા યોજનાના અધૂરા કામો પૂર્ણ કરવા સરપંચની માંગણી

**દિવાળી તહેવારને ધ્યાનમાં રાખીને બાકી રહેલા તમામ રસ્તાઓનું સમારકામ તાત્કાલિક પૂર્ણ કરવાની માંગણી**

લીલીયા,તા.૦૫

લીલીયા ગામના સરપંચ જીવનભાઈ દેવરાજભાઈ વોરાએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર લખીને પાણી પુરવઠા બોર્ડના અધૂરા કામો પૂર્ણ કરવાની માંગણી કરી છે. પાણી પુરવઠા બોર્ડે ઓટેકા યોજના અંતર્ગત લીલીયા શહેરમાં પાણીની ત્રણ ઊંચી ટાંકી, એક પાણીનો સમ્પ અને આશરે ૩૩ કિલોમીટર લાંબી પાઈપલાઈન નાખવાનું કામ હાથ ધર્યું હતું. આ કામગીરી દરમિયાન કેટલાક રસ્તાઓ અને સીસી રોડ તોડવામાં આવ્યા હતા. સરપંચે જણાવ્યું કે આ પૈકી અમુક રસ્તાઓનું રિપેરિંગ કરવામાં આવ્યું છે, પરંતુ ઘણા રસ્તાઓ હજુ પણ બાકી છે. તેમણે આગામી દિવાળી તહેવારને ધ્યાનમાં રાખીને બાકી રહેલા તમામ રસ્તાઓનું સમારકામ તાત્કાલિક પૂર્ણ કરવાની માંગણી કરી છે. ×આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખતાં, અમે વિભાગને વિનંતી કરીએ છીએ કે બાકી રહેલા તમામ રસ્તાઓનું સમારકામ જલદીથી પૂર્ણ કરવામાં આવે,× એમ સરપંચ જીવનભાઈ વોરાએ જણાવ્યું હતું. આ માંગણી ગ્રામજનોની લાગણીને પ્રતિબિંબિત કરે છે, જેઓ શહેરના માળખાકીય વિકાસ અને સુવિધાઓમાં સુધારો ઈચ્છે છે.

# વેરાવળ હોમગાર્ડઝ યુનિટના અધિકારીનું મંત્રી ભાનુબેન બાબરીયાએ સન્માન કર્યું



ઉના, તા.૦૫

વેરાવળ હોમગાર્ડ યુનિટના ઈન્ચાર્જ અધિકારી રણજીત જી. પિલ્લાઈને સરાહનીય કામગીરી કરવા બદલ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા, ગીર-સોમનાથ એસ. પી મનોહરસિંહ જાડેજા, જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ વિજયભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં વેરાવળ યુનિટમાં શ્રેષ્ઠ અને સરાહનીય કામગીરી કરવા બદલ રણજીત જી. પિલ્લાઈનું ૧૫ ઓગસ્ટના પર્વે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# જસદણના પોપટ પરિવાર દ્વારા હરિદ્વારમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

જસદણ, તા. ૦૫

જસદણના પોપટ પરિવારના પિતૃઓના મોક્ષાર્થે હરિદ્વાર ખાતેના વાસુદેવ આશ્રમ ખાતે ગંગાજીના કિનારે ૪ સપ્ટેમ્બરથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કથાનું આયોજન જસદણના વિજયભાઈ પોપટ અને પંકજભાઈ પોપટ(જલારામ પ્રેસવાળા) પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. આ શ્રીમદ્ ભાગવત કથામાં સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ કથાકાર શાસ્ત્રી જનકભાઈ મહેતા(ડોડીયાળાવાળા) વ્યાસપીઠ પર બિરાજી આધ્યાત્મિક વાણીમાં ભગવતી ગાથાનું



રસપાન કરાવી રહ્યા છે. આ કથાનો સમય સવારે ૯ થી ૧ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. કથાની પૂર્ણાહુતી ૧૦ તારીખે થશે. આ કથાનું રસપાન કરવા માટે મોટી સંખ્યામાં ભાવિકભક્તો ઉપસ્થિત રહે છે. આ કથા દરમિયાન દરરોજ બપોરે ૧ કલાકે અને સાંજે ૭ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કથાની પોથીયાત્રા તા.૪ ને બુધવારે સવારે ૯ કલાકે હરિદ્વારના સ્વામિનારાયણ મંદિરેથી નીકળી કથા સ્થળે પહોંચી હતી. આ કથામાં આવતા વિવિધ પાવન પ્રસંગોની ઉજવણીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# કોડીનારમાં શબરીમાલા અયપ્પા સેવા સમાજ દ્વારા સત્સંગ સમારોહ યોજાયો



કોડીનાર,તા.૦૪

કોડીનારમાં શબરીમાલા અયપ્પા સેવા સમાજ (SASS) દ્વારા શ્રી શબરીમાલા યાત્રીઓ માટે સત્સંગ સમારોહ (અય્યપ્પા યોગમ) રવિવારે યોજાયો હતો.

# ધોકડવામાં ગ્રામસભા યોજાઈ, બે આંગણવાડીનું લોકાર્પણ કરાયું

ગીર ગઢડા, તા. ૦૫

ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને ગ્રામસભા યોજાઈ હતી. આ અવસરે ધોકડવામાં બનાવેલ નવી બે આંગણવાડી કેન્દ્ર નંબર ૧ અને ૨નું લોકાર્પણ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના



તસ્વીર : કૈલાશ ભટ્ટ

હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલબેન ભાપકર, પ્રાંત અધિકારી સી.પી. હિરવાણીયા, જિલ્લા પંચાયતનાં પ્રમુખ મંજુલાબેન મુછાળ, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાહ્યાભાઈ જાલોંધરા, ગીર ગઢડાના મામલતદાર જી.કે. વાળા, તાલુકા વિકાસ અધિકારી આર. એમ.ત્રિવેદી, તાલુકા પંચાયતના પ્રમુખ ભગવતીબેન સાંખટ, ઉપપ્રમુખ દિવાળીબેન કિડેચા, ધોકડવા ગ્રામ પંચાયતના ઉપ સરપંચ કાંતિભાઈ માળવી સહિત અલગ અલગ વિભાગના અધિકારીઓ, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રભાસ પાટણમાં શંકાસ્પદ મોટર સાઈકલ સાથે એક ઈસમની અટકાયત

ગીર સોમનાથ, તા.૦૫

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુથી એસ.ઓ.જી. પો.ઈન્સ. જે.એન. ગઢવીના માર્ગદર્શન હેઠળ તા.૦૩ સપ્ટેમ્બરના રોજ એ.એસ.આઈ. દેવદાનભાઈ કુંભરવાડીયા, હેડ કોન્સ. વિપુલભાઈ ટીટીયા, પો. કોન્સ. કૈલાસસિંહ બારડ અને મહાવીરસિંહ જાડેજા રાત્રીના પ્રભાસ પાટણ વિસ્તારોમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે જી.આઈ. ડી.સી. પાસેથી સાબીર હુસેનભાઈ પટણી, ઉવ.૨૨, ધંધો.મજુરી રહે. વેરાવળ બાગેયુસુફ કોલોનીવાળા પાસેથી શંકાસ્પદ સ્થિતિમાં બ્લેક કલરનું, લાલ બ્લુ પટ્ટાવાળુ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાઈકલ, રજી.નં.GJ-૧૧-JJ-૮૮૩૯ છે, જેના એન્જીન નં.૦૭fdme૩૧૫૧૪ તથા ચેસીસ નં.૦૭fdnf૦૩૭૪૫



તસ્વીર : અશોક પાઠક

જપ્ત કરી હતી. આ મોટર સાઈકલના કાગળો, આધાર, પુરાવા કે બીલ તેમજ વાહન માલિક અંગે પૂછપરછ કરતા તેણે કોઈ સંતોષકારક જવાબ ન આપતા છળકપટથી કે ચોરી કરીને મેળવેલ હોવાથી આ ઈસમ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનને સોંપલ હતો.

# જાફરાબાદ સામાકાંઠામાંથી યુવતિ ઘરેથી ચાલી નીકળી

**જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.આર. ઝાલા વધુ તપાસ હાથ ધરી**

જાફરાબાદ, તા.૦૪

જાફરાબાદ સામાકાંઠામાં રહેતી એક યુવતિ ઘરેથી ચાલી નીકળી હતી. બનાવ અંગે મહેશભાઈ સોમાભાઈ બારૈયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી કલ્પનાબેન (ઉ.વ.૧૯) બે દિવસ પહેલા ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી. પરંતુ અત્યાર સુધી ઘરે પરત ફરી નથી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.આર.ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલાની કોર્ટમાં //-

## જાહેર નોટીસ

નં. જન્મ નોંધણી/ અરજી નં. ૧૪૩/૨૦૨૪

અરજદારશ્રી.......(૧) શ્રી ચંપાબેન છગનભાઈ ગેડીયા,
રહે. ૪૬/૫૪૫, શ્રીનાથ એપાર્ટમેન્ટ, વ્યાસવાડી, નવાવાડજ, અમદાવાદ

-//વિરૂધ્ધ//-

સામાવાળા........ (૧) તલાટી કમ મંત્રીશ્રી મોટા ઝીંઝુડા, તા. સાવરકુંડલા

જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારશ્રીના પુત્રી રીટાબેન છગનભાઈ ગેડીયાનો જન્મ તા.૨૧/૧૦/૧૯૭૪ ના રોજ મુ. મોટા ઝીંઝુડા, તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન -૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજિસ્ટ્રેટ સાવરકુંડલા

## જાહેર હરરાજી

આથી જાહેર કરવામાં આવે છે કે જાફરાબાદ તાલુકાના વાંઢ ગામે જુનુ જર્જરીત પાણીનો ટાંકો હાલમાં જે સ્થિતિમા છે તેજ સ્થિતિમાં જાહેર હરરાજી આગામી તા.:૧૦/૯/૨૦૨૪ ને મંગળવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે વાંઢ ગ્રામપંચાયતની પ્રાથમિક શાળામાં રાખેલ છે. હરરાજીમાં ભાગ લેનારે સ્થળ પર રૂપિયા ૧૦૦૦/- (અંકે એક હજાર રૂપિયા પૂરા) ડિપોઝીટ પેટે ભરવાનાં રહેશે, હરરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ પૈકી પસંદ થયેલ વ્યકિતઓ જે તે રકમ તેજ દિવસે ચેક/રોકડ સ્વરૂપે ગ્રામ પંચાયતમાં જમા કરાવવાનાં રહેશે. પસંદ થયેલ વ્યકિત કે એજન્સીએ આ કામ દિન-૫ માં ઈમલો પાડી જગ્યા ખાલી/સમથળ કરી સોંપવાની રહેશે. કામ સમયે કોઈપણ પ્રકારની જાનહાની કે નુકસાનની જવાબદારી જેતે વ્યકિત/ એજન્સી ની રહેશે.

**નોંધઃ ઈમલા અપસેટ પ્રાઈસઃ ૨૦૦૦૦/-**

| | |
|---|---|
| તલાટી કમ મંત્રીશ્રી | સરપંચશ્રી |
| વાંઢ ગ્રામ પંચાયત | વાંઢ ગ્રામ પંચાયત |

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

## જાહેર નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૩૫/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** શ્રી કથુભાઈ વિરાભાઈ સોંડીયા,
રહે.આદસંગ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તકમશ્રી આદસંગ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પત્નિ રજુબેન કથુભાઈ સોંડીયાનું મરણ તા.૨૬/૦૬/૨૦૦૯ ના રોજ મુ.આદસંગ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર કલ્પેશકુમાર વી. અકબરી, એડવોકેટ, તે મારા અસીલની સુચના અને તેમના વતી આથી લાગતા વળગતા તમામ ને જાણ કરવામાં આવે છે કેઃ- અમરેલી જીલ્લાના વડિયા -કુંકાવાવ તાલુકાના ખાખરીયા ગામના ખેડ ખાતા નંબર-૧,રે.સ.નં.-૫૨/૧ પૈકી ૧, હે.૨-૩૩-૮૩ આ. ચો.મી. તથા ખેડ ખાતા નંબર -૧૧૦, રે.સ.નં. -૫૨/૧ પૈકી ૨, હે. ૪-૦૪-૫૭ આ. ચો.મી. વાળી ખેતીની જમીન ભીખુભાઈ ઓઢભાઈ બસીયા, રહે. ખાખરીયા, ના નામે ચાલે છે.

ઉપરોકત સીમની જમીન તેમની પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે,સમજુતી કરેલ છે. ઉપરોકત લખેલ સીમની જમીન સબંધે કે માલીકી નામે ટાઈટલ સબંધે કબજા સબંધે કે કાંઈપણ લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે કોઈપણ બેન્ક કે સહકારી સંસ્થા કે મંડળી કે પ્રાઈવેટ ફાયનાન્સનું લણુ હોય કે અન્ય કોઈપણ લેણુ હોય કે ઉતરોતર ટાઈટલ સબંધે કે ગાડા મારગ હકક અંગે કે ઈઝમેન્ટ રાઈટ સબંધે અન્ય કોઈપ પ્રકાર નો વાંધો તકરાર દરદાવો હોય તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ આઠ (૮) માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર આવશે નહી તો ઉપરોકત લખેલ રે.સ.નં.ની જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે દરદાવો નથી અને હોય તો પણ સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે, તેમ સમજી અમારા અસીલ ઉપરોકત લખેલ સર્વે નંબરનો પાકો રજીસ્ટર દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની તમામ એ નોંધ લેવી.

**તા.૦૬/૦૯/૨૦૨૪**
**સરનામુંઃ-**
**C/O દેવ કોમ્પ્યુટર-વડિયા**
**મુ.-વડિયા, ઠે. સુરગપરા,**
**જુના બસ સ્ટેન્ડ રોડ, તા.વડિયા,કુંકાવાવ,**
**જી.અમરેલી, મો.નં. ૯૪૨૬૭ ૮૨૯૮૩**

//- મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી - ખાંભા //-

બ.ડે.રજી.કેસ નં.૧૦/૨૪ — નં.એમએજી/વશી/૨૬૮/૨૦૨૪
તા.૨૨/૦૮/૨૦૨૪

**અરજદાર** ... શ્રી મનસુખભાઈ હરીભાઈ દુધરેજીયા
રહે.હાલ-અમદાવાદ બી-૪૦૨ બ્લોક દર્શન એપાર્ટમેન્ટ,
ધરતી ક્રોસ રોડ, વિશ્વકર્મા મંદીર, ચાંદલોડીયા, પી. ૩૮૨૪૮૧

**વિરૂધ્ધ**

**સામાવાળા** .... જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી - વ- તલાટી કમ મંત્રી શ્રી,
તાલડા, તા.ખાંભા

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, શ્રી મનસુખભાઈ હરીભાઈ દુધરેજીયા રહે. તાલડા, તા. ખાંભાવાળાએ તેમની પુત્રી નામે શીતલબેન મનસુખભાઈ દુધરેજીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૩ નાં રોજ ખાંભા તાલુકાનાં તાલડા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૨/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

//- મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી - ખાંભા //-

બ.ડે.રજી.કેસ નં.૧૧/૨૪ — નં.એમએજી/વશી/૨૬૯/૨૦૨૪
તા.૨૨/૦૮/૨૦૨૪

**અરજદાર** ... શ્રી મનસુખભાઈ હરીભાઈ દુધરેજીયા
રહે.હાલ-અમદાવાદ બી-૪૦૨ બ્લોક દર્શન એપાર્ટમેન્ટ,
ધરતી ક્રોસ રોડ, વિશ્વકર્મા મંદીર, ચાંદલોડીયા, પી. ૩૮૨૪૮૧

**વિરૂધ્ધ**

**સામાવાળા** .... જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી - વ- તલાટી કમ મંત્રી શ્રી,
તાલડા, તા.ખાંભા

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, શ્રી મનસુખભાઈ હરીભાઈ દુધરેજીયા રહે. તાલડા, તા. ખાંભાવાળાએ તેમની પુત્રી નામે હિરલબેન મનસુખભાઈ દુધરેજીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૪ નાં રોજ ખાંભા તાલુકાનાં તાલડા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૨/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

//- મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી - ખાંભા //-

બ.ડે.રજી.કેસ નં.૧૨/૨૪ — નં.એમએજી/વશી/૨૭૦/૨૦૨૪
તા.૨૨/૦૮/૨૦૨૪

**અરજદાર** ... શ્રી મનસુખભાઈ હરીભાઈ દુધરેજીયા
રહે.હાલ-અમદાવાદ બી-૪૦૨ બ્લોક દર્શન એપાર્ટમેન્ટ,
ધરતી ક્રોસ રોડ, વિશ્વકર્મા મંદીર, ચાંદલોડીયા, પી. ૩૮૨૪૮૧

**વિરૂધ્ધ**

**સામાવાળા** .... જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી - વ- તલાટી કમ મંત્રી શ્રી,
તાલડા, તા.ખાંભા

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, શ્રી મનસુખભાઈ હરીભાઈ દુધરેજીયા રહે. તાલડા, તા. ખાંભાવાળાએ તેમની પુત્રી નામે ક્રિષ્નાબેન મનસુખભાઈ દુધરેજીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૫ નાં રોજ ખાંભા તાલુકાનાં તાલડા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૨/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

# છત્તીસગઢ-તેલંગાણા બોર્ડર પર ૬ નક્સલીઓને ઠાર મારતું સુરક્ષાદળ

રાયપુર,તા.૫




છત્તીસગઢ-તેલંગાણા બોર્ડર પર સુરક્ષા દળોએ ૬ નક્સલવાદીઓને ઠાર કર્યા છે જેમાં બે મહિલાઓ પણ સામેલ છે. જવાનોએ શસ્ત્રો અને મૃતદેહો કબજે કર્યા છે. બે જવાનોને પણ ગોળી વાગી છે. સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. તેલંગાણાની ગ્રેહાઉન્ડ પોલીસને કોઠ્ઠાગુડેમ જિલ્લાના ગુંડાલા-કરકાગુડેમ વિસ્તારમાં મોટી સંખ્યામાં નકસલવાદીઓની હાજરીની માહિતી મળી હતી. તેના આધારે એક દિવસ પહેલા જ સર્ચ ઓપરેશન માટે ફોર્સ મોકલવામાં આવી હતી. બે દિવસમાં આ બીજો મોટો હુમલો છે. અગાઉ ૩ સપ્ટેમ્બરે દંતેવાડા-બીજાપુર બોર્ડર પર ૯ નક્સલવાદીઓ માર્યા ગયા હતા, હવે તેલંગાણા બોર્ડર પર ૬ નક્સલી માર્યા ગયા છે. જવાનો આજે સવારે જ નક્સલવાદીઓના ઠેકાણા પર પહોંચી ગયા હતા. જ્યાં તેમની સાથે એન્કાઉન્ટર થયું હતું. બંને તરફથી ભારે ગોળીબાર થયો હતો. જવાનોએ ૬ મૃતદેહો બહાર કાઢ્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓમાં એક DVCM (ડિવિઝનલ કમિટી મેમ્બર), એક ACM (એરિયા કમિટી મેમ્બર) અને ૪ પાર્ટી મેમ્બરનો સમાવેશ થાય છે. જેમાંથી ૨ નક્સલવાદી બસ્તરના સુકમા અને બીજાપુર જિલ્લાના રહેવાસી છે.

# તેલંગાણામાં આદિવાસી મહિલા પર રેપ અને બળાત્કારનો પ્રયાસ

## બે જૂથ વચ્ચે હિંસા, કર્ફ્યુ અને ઈન્ટરનેટ બંધ

આસિફાબાદ,તા.૦૫



તેલંગાણાના કુમુરમ ભીમ આસિફાબાદ જિલ્લાના જૈનુરમાં ૪૫ વર્ષીય આદિવાસી મહિલા પર રેપ અને હત્યાના પ્રયાસના કેસ બાદ આદિવાસી સંગઠનોએ પ્રદર્શન કર્યું હતું. બુધવારે સવારે શરૂ થયેલું પ્રદર્શન બપોર સુધીમાં બે જૂથો વચ્ચે હિંસામાં ફેરવાઈ ગયું હતું. પોલીસે જણાવ્યું કે આરોપી અને પીડિતા અલગ-અલગ ધર્મના છે. લગભગ વિરોધ કરી રહેલા ૨ હજાર આદિવાસીઓએ આરોપી સમુદાયના લોકો પર હુમલો કર્યો. તેમના ધાર્મિક સ્થળ પર પથ્થરમારો કર્યો હતો. દુકાનો પણ સળગાવી દેવામાં આવી હતી. જવાબમાં, આરોપી સમુદાયના લોકોએ પણ આગચંપી અને પથ્થરમારો કર્યો હતો. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે, જૈનૂર શહેરમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી છે. પરિસ્થિતિ વણસતી જોઈને પ્રશાસને આ વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરીને પોલીસ જવાનોની તહેનાતી વધારી દીધી છે. બુધવારે સાંજ સુધીમાં, રેપિડ એક્શન ફોર્સને બોલાવવામાં આવી હતી અને વિસ્તારમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. પોલીસે મોડી સાંજે કહ્યું કે સ્થિતિ હવે નિયંત્રણમાં છે.


# કોલકાતાની મહિલા તબીબની હત્યા બાદ પોલીસે પૈસાની ઓફર કરી હતીઃ પરિવારજનો

(એ.આર.એલ),કોલકાતા,તા.૫

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા ડૉક્ટરની બળાત્કાર અને હત્યાને લઈને વિરોધ પ્રદર્શન ચાલુ છે. દરમિયાન બુધવારે પીડિતાના પરિવારજનોએ મોટો દાવો કર્યો છે. મહિલા ડોક્ટરના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે કોલકાતા પોલીસે મૃતદેહનો ઉતાવળે અંતિમ સંસ્કાર કરીને મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો. તે જ સમયે, તેણે એવો પણ આરોપ લગાવ્યો છે કે કોલકાતા પોલીસે તેની સાથે પૈસાની ઓફર કરી હતી. કોલકાતા રેપ-હત્યા પીડિતાના પરિવારે દાવો કર્યો છે કે કોલકાતા પોલીસે શરૂઆતથી જ કેસને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનોને મૃતદેહ જોવા દેવાયો ન હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવતાં તેણે પોલીસ સ્ટેશનમાં રાહ જોવી પડી હતી. બાદમાં, જ્યારે મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો, ત્યારે એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ તેમને પૈસાની ઓફર કરી. પરિવારે તરત જ તેને ફગાવી દીધી હતી.

# શ્રીગંગાનગરમાં કારે બે બાઈકને ટક્કર મારતા ૬ લોકોના કરૂણ મોત

(એ.આર.એલ),શ્રીગંગાનગર,તા.૫



શ્રીગંગાનગરમાં મોડી રાત્રે થયેલા એક ભયાનક માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે. સુરતગઢ-અનુપગઢ સ્ટેટ હાઈવે પર સવારે લગભગ ૨ વાગ્યે એક કારે બે બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ત્રણ બાઈક સવારોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે ઉના હોસ્પિટલમાં લઈ જતી વખતે મોત થયા હતા. મળતી માહિતી મુજબ, તમામ બાઈક સવારો એકબીજાને ઓળખતા હતા અને રાત્રિ જાગરણ કરીને પરત ફરી રહ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, હનુમાનગઢ જિલ્લાના રાવતસર પોલીસ સ્ટેશન વિસ્તારના પલ્લુના રહેવાસી તારાચંદ (૨૦), સુરતગઢ ગામના બે એસપીએમના રહેવાસી મનીષ ઉર્ફે રમેશ (૨૪), બપ્પાવરપુરાના રહેવાસી સુનિલ કુમાર (૨૦)નું મૃત્યુ થયું છે. અકસ્માતમાં ઘટનાસ્થળે જ બપ્પાવરપુરાના ચોહિલાનવલીનો રહેવાસી રાહુલ (૨૦), શુભકરણ (૧૯) અને બલરામ ઉર્ફે ભલરામ (૨૦), ગામ રાજિયાસર પોલીસ સ્ટેશન વિસ્તારના બે એસપીએમનું મૃત્યુ થયું હતું.

# પુતિનનું એલાન : યુક્રેન સાથેના યુધ્ધમાં ભારત મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે

(એ.આર.એલ),મોસ્કો,તા.૫



રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે શાંતિ મંત્રણાને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે યુક્રેન સાથે રશિયાની સંભવિત શાંતિ વાટાઘાટોમાં ચીન, ભારત અને બ્રાઝિલ મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે. પુતિને ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમમાં કહ્યું કે, જો કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેનના ડોનબાસ વિસ્તારને કબજે કરવાનો છે. રશિયન સૈન્ય ધીમે ધીમે કુર્સ્કથી યુક્રેનિયન સૈન્યને પાછું ખેંચી રહ્યું છે. પુતિનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પીએમ મોદી હાલમાં જ યુદ્ધગ્રસ્ત યુક્રેન અને તે પહેલા રશિયાની મુલાકાત લીધી હતી. પીએમ મોદીની આ બંને મુલાકાતો ખૂબ મહત્વની હતી અને વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બની હતી.

પીએમ મોદી જુલાઈ મહિનામાં રશિયાના પ્રવાસે ગયા હતા. તેમની આ મુલાકાત નાટો સમિટ વચ્ચે થઈ હતી. આ દરમિયાન પીએમ મોદીના રાષ્ટ્રપતિ પુતિનને ગળે લગાવતી તસવીરોની ખૂબ ચર્ચા થઈ હતી. આ દરમિયાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને યાદ અપાવ્યું હતું કે શાંતિનો માર્ગ યુદ્ધના મેદાનથી નથી આવતો.

# હરીયાણા વિધાનસભામાં ભાજપે ત્રણ મંત્રીઓ સહિત આઠ ધારાસભ્યોને બરતરફ કર્યા, ૨૭ નવા ચહેરા

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૫




આખરે, ખૂબ મંથન પછી, ભાજપે હરીયાણા વિધાનસભાની ૬૭ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી. સત્તા વિરોધી લહેરને રોકવા માટે પાર્ટીએ ૪૦ બેઠકો પરથી ઉમેદવારો બદલ્યા છે. બે પૂર્વ સાંસદો, એક રાજ્યસભા સાંસદ અને ૨૭ નવા ચહેરાઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. પાર્ટીએ ત્રણ મંત્રીઓ સહિત આઠ ધારાસભ્યોની ટિકિટ ફગાવી દીધી છે. નવ વર્તમાન મંત્રીઓ અને ચાર પૂર્વ મંત્રીઓને પણ તક આપવામાં આવી છે. જેજેપીમાંથી ભાજપમાં જોડાયેલા ત્રણ ધારાસભ્યો અને બે નેતાઓને પણ ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. પાર્ટીએ ફરી એકવાર રાજ્યસભાના સભ્ય કૃષ્ણલાલ પંવારને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. કેન્દ્રીય મંત્રી રાવ ઈન્દ્રજીતની પુત્રી શ્રુતિ ચૌધરી અને ભૂતપૂર્વ સાંસદ કિરણ ચૌધરી તાજેતરમાં કોંગ્રેસ છોડીને ભાજપમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા, તેમને પણ ટિકિટ આપવામાં આવી છે. બે વખત હારેલા ઉમેદવારોને પણ પાર્ટીએ ટિકિટ આપી નથી.

# નાઈજીરિયામાં આતંકીઓએ ધડાધડ ફાયરિંગ કરતા ૧૦૦ લોકોના મોત

(એ.આર.એલ),યોબે,તા.૫



બોકો હરમના આતંકવાદીઓએ ઉત્તર-પૂર્વ નાઈજીરિયામાં નરસંહાર કર્યો છે. સ્થાનિક રહેવાસીઓએ દાવો કર્યો હતો કે આતંકવાદીઓએ બજાર અને લોકોના ઘરો પર ગોળીબાર કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૦૦ લોકો માર્યા ગયા હતા. યોબે પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ૫૦થી વધુ આતંકવાદીઓ રવિવારે સાંજે યોબે રાજ્યના તારમુવા કાઉન્સિલ વિસ્તારમાં મોટરસાઈકલ પર પ્રવેશ્યા હતા અને ઈમારતોને આગ લગાડતા પહેલા ગોળીબાર કર્યો હતો. બોકો હરમ એક આતંકવાદી જૂથ છે, જેની સ્થાપના ૨૦૦૨માં થઈ હતી. તેનો હેતુ નાઈજીરીયામાં શરિયા કાયદાનો અમલ કરવાનો અને પશ્ચિમી શિક્ષણનો વિરોધ કરવાનો છે.

# પીએમ મોદીએ શિક્ષકોને અભિનંદન પાઠવી, પૂર્વ રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ આપી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે શિક્ષક દિવસના અવસર પર શિક્ષકોને શુભેચ્છા પાઠવી અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એસ. રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, 'શિક્ષક દિવસની શુભેચ્છા. યુવા દિમાગને આકાર આપનારા તમામ શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની આ તક છે. ડૉ. રાધાકૃષ્ણનને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ. પ્રધાનમંત્રીએ કહ્યું કે વિદ્યાર્થીઓને જ્ઞાન અને માર્ગદર્શન આપીને તેમના જીવનને ઘડવામાં શિક્ષકોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેઓ રાષ્ટ્ર નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે. તે જ સમયે, એક્સ એકાઉન્ટ પર શિક્ષણ મંત્રાલય દ્વારા પીએમ મોદીનો સંદેશ જાહેર કરવામાં આવ્યો હતો. પોતાના સંદેશમાં પીએમ મોદીએ કહ્યું કે, 'વિદ્યાર્થીઓને જ્ઞાન અને માર્ગદર્શન આપીને તેમના જીવનને ઘડવામાં શિક્ષકોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. શિક્ષકો વિદ્યાર્થીઓને સ્વપ્ન જોવાની પ્રેરણા આપે છે અને તેને સાકાર કરવાની હિંમત પણ આપે છે. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસની સાથે શિક્ષકો પણ તેમને દેશના જવાબદાર અને સક્ષમ નાગરિક તરીકે તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

# કોલકાતામાં મહિલા તબીબની હત્યાને લઈ લોકો હજુ ગુસ્સામાં, ૧ કલાક સુધી લાઈટ બંધ રાખી

કોલકતા,તા.૫



કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાને લઈને લોકો ગુસ્સે છે. દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. દરમિયાન કોલકાતા અંધકારની ચાદરમાં લપેટાયેલું દેખાયું. સિટી ઑફ જોયનો પ્રતિષ્ઠિત વિક્ટોરિયા મેમોરિયલ હૉલ અને રાજભવન પણ પ્રકાશથી વંચિત રહ્યા. આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના તબીબ પર ઘાતકી બળાત્કાર અને હત્યાના કેસમાં હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આ મામલામાં તાત્કાલિક કાર્યવાહીની માંગ સાથે જુનિયર ડોકટરોનો વિરોધ વધુ વકર્યો છે. શહેરના નાગરિકોએ અનોખું અને શક્તિશાળી પ્રદર્શન કર્યું હતું. શહેરના રહેવાસીઓએ રાત્રે ૯ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી એક કલાક માટે લાઈટ બંધ કરી દીધી હતી અને મીણબત્તીઓ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા.

# દલાઈ લામાને રેમન મેગ્સેસે ફાઉન્ડેશનનો મેડલ

(એ.આર.એલ),શિમલા,તા.૫



રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશને તિબેટીયન બૌદ્ધ ધાર્મિક નેતા દલાઈ લામાને બદલો મેડલ એનાયત કર્યો છે. આ તે મેડલ છે જે તે ૧૯૫૯માં મેળવી શક્યા ન હતા.

રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના ટ્રસ્ટી મંડળ, પસંદગીના ભાગીદારો અને ભારતીય પુરસ્કારો બુધવારે સવારે મેકલિયોડગંજમાં દલાઈ લામાને મળ્યા અને પુરસ્કારો અર્પણ કર્યા.

રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના જુનિયર ટ્રસ્ટી અને ભૂતપૂર્વ રાજદૂત જોસ એલ. કુસિયાએ જણાવ્યું હતું કે દલાઈ લામાને બદલો મેડલ અર્પણ કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ તેમના ભાઈને વર્ષ ૧૯૫૯માં આપવામાં આવ્યો હતો.

# સુપ્રીમ કોર્ટે કેજરીવાલની જામીન અરજી પર નિર્ણય અનામત રાખ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫



સુપ્રીમ કોર્ટે કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત સીબીઆઈ ભ્રષ્ટાચાર કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા જામીન માટે દાખલ કરવામાં આવેલી અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની બેંચે દિલ્હીના સીએમની જામીન અરજી પર સુનાવણી કરી હતી. વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કેજરીવાલનો પક્ષ રજૂ કર્યો હતો.

જામીન અરજી પર સુનાવણી દરમિયાન કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે 'સીબીઆઇ દ્વારા એક્સાઈઝ પોલિસી કેસમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં કેજરીવાલનું નામ નથી. ઉપરાંત, તાજેતરમાં કેજરીવાલને વચગાળાના જામીન આપતાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દિલ્હીના સીએમ સમાજ માટે ખતરો નથી. સિંઘવીએ એમ પણ કહ્યું કે બે વખત સુપ્રીમ કોર્ટ અને એક વખત ટ્રાયલ કોર્ટે કેજરીવાલને જામીન પર છોડવાનો આદેશ આપ્યો છે.

સિંઘવીના કહેવા પ્રમાણે, એકવાર સુપ્રીમ કોર્ટે કેજરીવાલને ચૂંટણી પ્રચાર માટે જામીન પર મુક્ત કર્યા હતા અને એક વખત કેજરીવાલને EDના મની લોન્ડરિંગ કેસમાં જામીન પણ મળી ચૂક્યા છે.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં

નં. મરણ/ કેસ / રજી.નં.૧૬/૨૦૨૪

પ્રતિઃ

શ્રી ચીમનભાઈ લાભશંકર ભટ ....અરજદાર
રહે.ભગીરથ સોસાયટી, કોડીનાર,તાલુકો-કોડીનાર,
જિલ્લો - ગીર સોમનાથ
વકીલશ્રી બી.ડી. ઉપાધ્યાય રહે. મુ. કોડીનાર તા. કોડીનાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને ચીફ ઓફિસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો.ગીર સોમનાથ ...સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર ગામ/ વિસ્તારના રહીશ **શ્રી ચીમનભાઈ લાભશંકર ભટ ના માતૃશ્રી જશુમતીબેન લાભશંકર ભટ નું મરણ** તા.૧૫/૦૯/૨૦૦૯ ના રોજ કોડીનાર ખાતે મરણ થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર નગરપાલિકાના સને ૨૦૦૯ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તારીખ ૦૬/૦૭/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા

સહિ
(એન.જી.રાદડીયા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



## :: ફુલ મુખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૩૨૯ પૈકી ના પ્લોટ નં.૧૫ પૈકીની કુલ ૪૯-૫૯ ચો. મી. વાળી મીલકત રમેશભાઈ શંભુભાઈ મકવાણા, રહે. રાંઢીયાવાળાની માલીકી કબજા ભોગવટાની આવેલ છે. જેઓની મીલકતનો ટાઈટલ કલીયર રીપોર્ટ માટેની માંગણી અમારી પાસે કરવામાં આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૨૪૧, તા. ૧૩/૧૦/૧૯૯૮ ના રોજનો વેચાણ દસ્તાવેજ કલ્યાણભાઈ ફુલાભાઈ કાનાણીના ફુલ મુખત્યાર દરજ્જે કેશુભાઈ ફુલાભાઈ કાનાણીએ કરી આપેલ છે તેમજ રજી વેંચાણ દસ્તાવેજ નંબર ૨૨૫૦, તા. ૪/૯/૧૯૯૯ ના રોજનો વેચાણ દસ્તાવેજ જયંતિભાઈ શંભુભાઈ મકવાણાના ફુલ મુખત્યાર ધનજીભાઈ હિરજીભાઈ પરમાર એ કરી આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ કરી આપનાર ફુલ મુખત્યારના નામજોગ ફુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે આપવામાં આવેલ હતી પરંતુ તેનાથી તેની નકલ કયાંક ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત ફુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે **દિન--૭** માં જાણ કરવા અગર પહોંચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તે હકક-- હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે **દિન--૭** ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી **દિન--૭** માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અજય જે. રાઠોડ, એડવોકેટ,**
**જુના માર્કટયાર્ડ, પહેલા માળે, હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી. મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬**

**તા. ૦૬/૦૯/૨૦૨૪**
**અમરેલી**


# વાઘા બોર્ડરની જેમ જેસલમેરની બોર્ડર પર પણ રિટ્રીટ સેરેમની યોજવામાં આવશે

જેસલમેર,તા.૫

પંજાબના અમૃતસરમાં વાઘા બોર્ડરની જેમ રાજસ્થાનના જેસલમેરની બોર્ડર પર પણ રિટ્રીટ સેરેમનીનું આયોજન કરવામાં આવશે. ભારતીય સીમા સુરક્ષા દળે આ માટેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. જેસલમેર બોર્ડર પર સ્થિત તનોટ માતાના મંદિરમાં રીટ્રીટ સેરેમનીનું આયોજન કરવામાં આવશે. આવતા વર્ષની શરૂઆતમાં તેને શરૂ કરવાની યોજના છે. અહીં આવનારા પ્રવાસીઓ માટે વિશેષ સુવિધા પુરી પાડવામાં આવશે. રિટ્રીટ સેરેમની નિહાળવા આવતા પ્રવાસીઓ માટે અહીં એમ્ફી થિયેટર બનાવવામાં આવશે, જેનું કામ શરૂ થઈ ગયું છે. આ થિયેટરમાં ૧૦૦૦ થી વધુ લોકો બેસી શકશે. દરરોજ સાંજે બીએસએફ જવાનો દ્વારા પરેડ થશે. બીએસએફના જવાનો ઔપચારિક રીતે ત્રિરંગો નીચે ઉતારશે. આ સાથે કેમલ ફોર્સનો શો, બીએસએફના સુરક્ષા કાફલામાં સમાવિષ્ટ રણ જહાજ અને જે સતર્કતા સાથે સરહદની રક્ષા કરે છે તેવા અનેક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે. પાકિસ્તાન પણ વાઘા બોર્ડરની રીટ્રીટ સેરેમનીમાં ભાગ લે છે.

# વડીયામાં બે, અમરેલીમાં એક ઈંચ વરસાદ:સુરવો ડેમ ફરી ઓવરફ્લો

અમરેલી,તા.૦૫



હવામાન વિભાગની આગાહી મુજબ અમરેલી જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં સતત બીજા દિવસે વરસાદ ખાબકતા ગરમીમાંથી લોકોને રાહત મળી હતી. અમરેલી સહિત જિલ્લામાં વહેલી સવારે ભારે ગરમીનો અનુભવ થતા લોકો અકળાયા હતા જો કે બપોર પછી વરસાદ ખાબકતા રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા હતા. જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં બે મીમીથી લઈ ૫૦ મીમી સુધી વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે ખેતીપાકને ફાયદો થયો હતો. ભાદરવા મહિના પ્રારંભે જ જિલ્લામાં સતત વરસાદ વરસી રહ્યો છે. જન્માષ્ટમી પર વરસાદે ધબધબાટી બોલાવ્યા બાદ સતત વરસાદ વરસી રહ્યો છે. જિલ્લામાં સવારના ૬થી સાંજના ૬ વાગ્યા સુધીમાં વડીયા-કુંકાવાવમાં ૫૦ મીમી, બાબરામાં ૧૩ મીમી, લાઠીમાં ૨૨ મીમી, લીલીયામાં ૬ મીમી, અમરેલીમાં ૨૪ મીમી, બગસરામાં ૯ મીમી, ધારીમાં ૧૫ મીમી, સા.કુંડલામાં ૫ મીમી, રાજુલામાં ૨ મીમી અને જાફરાબાદમાં ૧૨ મીમી વરસાદ નોંધાયો હતો. વડીયા પંથકમાં ભારે વરસાદને કારણે સુરવો ડેમ ફરી ઓવરફ્લો થયો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમાજદાયિત્વનો ઋણસ્વીકાર કરી શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો અર્પણ કર્યો

**ફાળો લેવા આવેલા શાળાના બાળકો સાથે સહજ સંવાદ કર્યો**

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૫



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુરૂવર્યોના સમાજદાયિત્વનો ઋણસ્વીકાર કરતાં શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. શિક્ષક કલ્યાણનિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે સવારે મુખ્યમંત્રી નિવાસસ્થાને ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ અને સ્કૂલ ઓફ એચિવર્સનાં બાળકો પહોંચ્યાં હતાં.

આજીવન શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. સર્વપલ્લી રાધકૃષ્ણનની જન્મજયંતિ તારીખ પાંચમી સપ્ટેમ્બરને દેશભરમાં શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વ્યક્તિ અને સમાજ ઘડતરમાં શિક્ષકોના પ્રદાનનું ઋણ સ્વીકાર કરતાં સૌ આ દિવસે શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળા રૂપે સ્વૈચ્છિક યોગદાન આપે છે. મુખ્યમંત્રીએ પણ શિક્ષક દિન અવસરે પોતાનો ફાળો અર્પણ કરીને ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે ફાળો લેવા આવેલા શાળાના બાળકો સાથે સહજ સંવાદ કરીને શિક્ષકો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન કર્યું હતું.

# જૂનાગઢમાં ધો.૧૦માં ત્રણવાર નાપાસ થતાં સગીરાનો આપઘાત

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૫

જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન હેઠળ ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય વૈશાલી સોમાભાઈ ભડેલીયા નામની કિશોરીએ પોતાના ઘરે ઈલેક્ટ્રીક પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈને મોતને મીઠું કરી લીધું હતું. આ અંગેની જાણ થતા તાલુકા પીએસઆઈ એસ.કે. ડામોર, એએસઆઈ આર.એમ. ગરચરે દોડી જઈને તરુણીનાં મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દીકરીનાં મોત અંગે મૃતકના પિતા મજૂરીકામ કરતા સોમાભાઈ બટુકભાઈ ભડેલીયાએ નિવેદનમાં જણાવ્યું હતું કે, પત્ની, દીકરો અને દીકરી વૈશાલી સાથે ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહું છુ. દીકરી વૈશાલીએ ધોરણ ૧૦ની ૩ વખત પરીક્ષા આપી હતી. પરંતુ ત્રણેય વખત નાપાસ થઈ હતી. જેના કારણે ગુમસુમ રહેતી હતી અને લાગી આવતા વૈશાલીએ ટેન્શનના કારણે ઘરે પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. આ નિવેદનના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

**ઉત્તર ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું**

# રાજયમાં ભારેથી હળવા વરસાદની આગાહી કરતુ હવામાન ખાતું

અમદાવાદ,તા.૦૫




હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક માટે ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આ ઉપરાંત ઓરેન્જ તથા યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા આજના દિવસ માટે બનાસકાંઠા અને સાબરકાંઠામાં અતિ ભારે વરસાદની શક્યતાઓને પગલે ઓરેન્જ એલર્ટ તથા પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી અને કચ્છમાં ભારે વરસાદની શક્યતાઓને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં પણ આજે ભારે વરસાદને કારણે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં મધ્યમ કરતા વધુ વરસાદની શક્યતાઓ છે. આ સિવાય રાજ્યના તમામ જિલ્લાઓમાં છુટા છવાયા હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે.

# ગાંધીનગરમાં ટેટ પાસ ઉમેદવારોએ ભરતી અંગે કર્યું ધરણા પ્રદર્શન

ગાંધીનગર,તા.૫

રાજ્ય સરકાર દ્વારા અગાઉ શિક્ષકોની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ટેટ એચએસની ૪ હજાર જગ્યાઓની ભરતી માટે ૧ સપ્ટેમ્બરનાં રોજ નોટિફિકેશન જાહેર થશે તેવું કહેવામાં આવ્યું હતું. જો કે, નોટિફિકેશન જાહેર ન થતા ઉમેદવારોએ આંદોલનની જાહેરાત કરી હતી. આજે ટેટ પાસ ઉમેદવારો 'શિક્ષક દિવસ' નિમિત્તે ગાંધીનગર ખાતે ધરણા પ્રદર્શન કરવા પહોંચ્યા હતા. રાજ્યમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યા પર ભરતી અંગે આજે ગાંધીનગરમાં ઉમેદવારો ધરણા પ્રદર્શન કરવા માટે પહોંચ્યા હતા. આજે ગુજરાત સહિત દેશભરમાં 'શિક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ત્યારે ગાંધીનગરમાં એક વાર ફરી શિક્ષકો દ્વારા ભરતી, પગાર સહિતના વિવિદ મુદ્દાઓ સાથે ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યું. વિરોધ પ્રદર્શન કરી રહેલા ઉમેદવારોનું કહેવું છે કે, રાજ્ય સરકારે અગાઉ શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી કરવાની જાહેરાત કરી હતી.

# પશુઓ માટે કૃત્રિમ બીજદાનની ફીમાં ઘડાડો કરતી રાજ્યસરકાર

ગાંધીનગર,તા.૦૫

ગુજરાતમાં પશુપાલકોને સ્વનિર્ભર બનાવવા ઉપરાંત પશુપાલન વ્યવસાયને વેગ આપવા માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારની સંસ્થાઓ ખાતે પશુઓમાં સેક્સડ સીમેન ડોઝ(લિંગ નિર્ધારિત વીર્યનો ઉપયોગ)થી કૃત્રિમ બીજદાન કરવા માટે હાલમાં લેવામાં આવતી ફી રૂ.૩૦૦ થી ઘટાડીને રૂ.૫૦ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ૩૮ લાખ જેટલા પશુપાલકોને ફાયદો થશે. આ અંગે પશુપાલન મંત્રી રાઘવજી પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, પશુપાલન વ્યવસાયલક્ષી દરેક નવી ટેક્નોલોજી ગુજરાતમાં ઝડપી સ્વીકૃત બને તેમજ પશુપાલકોને પણ નવી ટેકનોલોજી ઓછામાં ઓછા ખર્ચે ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારે ક્યારેય કચાશ રાખી નથી. દરેક પશુપાલક ઈચ્છતો હોય છે કે, તેનું પશુ માદા બચ્ચાને જન્મ આપે. "સેક્સડ સીમેન" એટલે કે લિંગ નિર્ધારિત વીર્યના ઉપયોગથી આ બાબત શક્ય બનતી હોય છે.

# અમદાવાદમાં વેપારી સાથે બબાલ કરી રૂા.૧૫ લાખની લૂંટ

અમદાવાદ,તા.૦૫



અમદાવાદમાં એક વેપારી સાથે સામાન્ય માથાકૂટ કરી રૂા.૧૫ લાખની લૂંટ થતા ચકચાર મચી જવા પામી છે. બાઈકર્સ ગેંગના સભ્યોએ વેપારીને કહેલ કે કેમ આ રીતે એક્ટીવા ચલાવે છે તેમ કહીને વેપારી સાથે બબાલ કરીને બાઈકર્સ ગેંગે ૧૫ લાખ રૂપિયાના લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો. હેલમેટધારી શખ્સ વેપારી સાથે બબાલ કરી રહ્યો હતો ત્યારે બીજા બે શખ્સો બાઈક લઈને આવ્યા હતા અને એક્ટીવાની ડેકી ખોલી તેમાંથી ૧૫ લાખ રૂપિયા ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા. વેપારી સીજી રોડના ઈસ્કોન મોલના આંગડીયા પેઢીમાંથી રૂપિયા લઈને ઘરે જઈ રહ્યા હતા.

# કચ્છના રાપરના ફતેહગઢમાં પુત્રીને બચાવવા જતા માતાની નિર્મમ હત્યા

રાપર,તા.૦૫



રાપર તાલુકાના ફતેહગઢ વાડી વિસ્તારમાં આ બનાવ બન્યો હતો, જેમાં ૫૦ વર્ષીય માતા સાથે પગે ચાલીને જતી સગીરાને તેના જુના પ્રેમીએ અટકાવી અપહરણ કરી ગયો હતો. આ દરમિયાન દીકરીને આરોપીની પકડમાંથી છોડાવવા પડેલી માતાને ઈસમે છરીના ઘા મારી દેતા માતાનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. બનાવ બાદ રાપર પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પ્રાથમિક વિગતોને આધારે સગીરાને ભગાડી જનાર આરોપીની શોધખોળ હાથ ધરી છે. સગીરા અને આરોપી બન્ને એક જ ગામના અને સમાજના હોવાનું તેમજ છ માસ પૂર્વે પણ નાસી ગયા હોવાનું માલુમ પડયું હતું. આ અંગે રાપર પીઆઈ જે.બી. બુબડીયા સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે મૃતકની અંતિમવિધિ બાદ વિધિવત ફરિયાદ દાખલ થશે અને ત્યારબાદ આરોપીનું નામ જાહેર કરી શકાશે, હાલ પ્રાથમિક તપાસ ચાલુ છે.













